

# District Level Educational 9th Innovation Festival 2023-24

## શિક્ષકોના નવતર પ્રયોગોનો સંપુટ

# નવોત્થાન



: પ્રેરક :

**શ્રી ડી. એસ. પટેલ**
નિયામક
GCERT, ગાંધીનગર

: માર્ગદર્શક :

**ડૉ. સી. ટી. ટૂંડિયા**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

: લેખન - સંપાદન :

**ડૉ. કે. આર. પંડ્યા**
લેકચરર અને ડિસ્ટ્રિકટ ઈનોવેશન સેલ કો.ઓર્ડિ.
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

: સંકલન :

**ડૉ. આર. ડી. પિતલિયા**
લેકચરર, IFIC શાખા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

: કન્વીનર :

**સી. બી. લખતરિયા**
બી.આર.સી. કો-ઓર્ડિનેટર
મુળી

**શ્રી ઝવેરચંદ મેઘાણી**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર**

# District Level Educational 9th Innovation Festival 2023-24

## શિક્ષકોના નવતર પ્રયોગોનો સંપુટ

# નવોત્થાન




: **પ્રેરક** :

**શ્રી ડી. એસ. પટેલ**
**નિયામક**
GCERT, ગાંધીનગર

: **માર્ગદર્શક** :

**ડૉ. સી. ટી. ટૂંડિયા**
**પ્રાચાર્ય**
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

: **લેખન - સંપાદન** :

**ડૉ. કે. આર. પંડ્યા**
**લેકચરર અને ડિસ્ટ્રિક્ટ ઈનોવેશન સેલ કો.ઓર્ડિ.**
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

: **સંકલન** :

**ડૉ. આર. ડી. પિતલિયા**
**લેકચરર, IFIC શાખા**
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

: **કન્વીનર** :

**સી. બી. લખતરિયા**
**બી.આર.સી. કો-ઓર્ડિનેટર**
**મુળી**



**શ્રી ઝવેરચંદ મેઘાણી**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર**

## નવતર પ્રયોગોનું નવોત્થાન

જિલ્લા કક્ષાનો નવમો એજ્યુકેશનલ ઇનોવેશન ફેર યોજાઇ રહ્યો છે. જેમાં પ્રાથમિક - માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો દ્વારા વર્ગખંડોમાં કરવામાં આવતા પ્રયોગો - નવોત્થાનનું દર્શન આજે સૌ સારસ્વત પરિવાર માટે દીવાદાંડી સમાન બની રહેનાર છે.

NEP - 2020 અંતર્ગત પ્રાથમિક - માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ એક ધરી પર આવી રહ્યું છે. બાળકોમાં ગુણવત્તા સુધારણા માટે શિક્ષક જો વર્ગખંડમાં Innovation નો ઉપયોગ કરશે તોજ આવનાર સમયમાં શિક્ષક વર્ગખંડમાં ઊભો રહી શકશે. શિક્ષકો પાસે નૂતન પરિકલ્પના-સંકલ્પનાઓ નહીં હોય તો તે સાપ્રંત અને આવનાર સમયમાં ટકી નહીં શકે.

એક શિક્ષકના મૂલ્યાંકન-નિરીક્ષણકાર્યમાં ઇનોવેશનની બાબતો ધ્યાને લેનાર છે, ત્યારે સૌ શિક્ષક ભાઇઓ-બહેનોમાં એજ્યુકેશનલ ઇનોવેશન ફેર નિહાળીને આપણાં વર્ગખંડમાં તેજ પ્રસ્તુત કરીએ.

ઇનોવેશનમાં જે શિક્ષકોએ કૃતિ રજૂ કરી છે તે સૌ શિક્ષકોને અભિનંદન... શુભેચ્છાઓ...

| શિલ્પાબેન પટેલ | કે. એન. બારોટ | ડૉ. સી. ટી. ટૂંડિયા |
|---|---|---|
| ડી. પી. ઇ. ઓ. | ડી. ઇ. ઓ. | પ્રાચાર્ય |
| સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર | ડાયટ, સુરેન્દ્રનગર |

# :: અનુક્રમણિકા ::


| ક્રમ | ઇનોવેટરનું નામ | શાળાનું નામ | તાલુકો | પાના નંબર |
|---|---|---|---|---|
| 1 | શ્વેતાબેન ભાણજીભાઈ અઘારા | પૃથુગઢ પ્રા.શાળા | ધ્રાંગધ્રા | 5 |
| 2 | અનિલભાઈ આર પટેલ | નવલગઢ પે.સે.શાળા | ધ્રાંગધ્રા | 6 |
| 3 | કૌશિકભાઈ પ્રજાપતિ | વસાડવા પ્રા.શાળા | ધ્રાંગધ્રા | 7 |
| 4 | સંદીપભાઈ પી.પટેલ | માધ્યમિક શાળા ચુલી | ધ્રાંગધ્રા | 8 |
| 5 | હેતલબેન ડી.ઠાકર | એમ.ડી.એમ. કન્યા વિદ્યામંદિર ધ્રાંગધ્રા | ધ્રાંગધ્રા | 9 |
| 6 | શ્રી સુરેશભાઇ કે. પઢારિયા | શક્તિનગર પે સેન્ટર શાળા | વઢવાણ | 10 |
| 7 | શ્રી ડાૅ. વિક્રમભાઇ આઇ. ભડાણીયા | ખમીસાણા-૨ પ્રાથમિક શાળા | વઢવાણ | 11 |
| 8 | શ્રી મીરાંબેન આર. ગોસ્વામી | વઢવાણ-૭ પે સેન્ટર શાળા | વઢવાણ | 12 |
| 9 | શ્રી યોગેશકુમાર એમ. ગામીત | ડી.એન.ટી.હાઇસ્કૂલ, જોરાવરનગર | વઢવાણ | 13 |
| 10 | શ્રી તેજલબેન કે. મહેતા | શ્રીમતી સી. યુ. શાહ અધ્યાપન મંદીર | વઢવાણ | 14 |
| 11 | પંચાલ નિતિનભાઇ | સાયલા 1 પે સે | સાયલા | 15 |
| 12 | મોરી હરપાલસિહ રાઠોડ | સાયલા ૩ પે સે | સાયલા | 16 |
| 13 | ગીરીશભાઈ ઝેડ ધોરીયા | જુના જસાપર પ્રા શાળા | સાયલા | 17 |
| 14 | મુકેશભાઇ ડી | મોડેલ ડે સ્કુલ વાંટાવચ્છ | સાયલા | 18 |
| 15 | શ્રી ગાયત્રી પ્રસાદ આર. દેરાસરી | નવાગામ પ્રાથમિક શાળા | થાનગઢ | 19 |
| 16 | શ્રી સંદીપભાઈ સી પાઠક | નવાગામ પ્રાથમિક શાળા | થાનગઢ | 20 |
| 17 | રીનાબા એમ. ઝાલા | ખાખરાવાળી પ્રાથમિક શાળા | થાનગઢ | 21 |
| 18 | પરેશકુમાર સી. સોલંકી | શિયાણી કુમાર પ્રાથમિક શાળા | લીંબડી | 22 |
| 19 | હરીઓમગીરી ડી. ગોસ્વામી | રળોલ કુમાર પ્રાથમિક શાળા | લીંબડી | 23 |

# :: અનુક્રમણિકા ::


| ક્રમ | ઇનોવેટરનું નામ | શાળાનું નામ | તાલુકો | પાના નંબર |
|---|---|---|---|---|
| 20 | રીમ્પલબેન બી. પટેલ | ધલવાણા પ્રાથમિક શાળા | લીંબડી | 24 |
| 21 | વિજયકુમાર એસ. થોરિયા | શિવાંગીની કન્યા વિદ્યાલય | લીંબડી | 25 |
| 22 | ડૉ.દીપકકુમાર આર. મહેતા | જેપર પ્રાથમિક શાળા | ચુડા | 26 |
| 23 | દવે પરાગભાઈ એચ. | ભાણેજડા પ્રાથમિક શાળા | ચુડા | 27 |
| 24 | ધોરીયા સુરેશભાઈ બી. | શ્રી જે.ડી.કોઠારી માધ્યમિક શાળા | ચુડા | 28 |
| 25 | પંડ્યા પ્રદીપકુમાર કે. | જૈનાબાદ પે.સે. શાળા | પાટડી | 29 |
| 26 | પટેલ ગૌરાંગભાઈ સી. | સીધ્સર પ્રા. શાળા | પાટડી | 30 |
| 27 | ગઢવી ભગવતદાન | ઝાડિયાણા પ્રા. શાળા | પાટડી | 31 |
| 28 | ટી.જી. મલેક | ઝુબેદાબેગમ માધ્યમિક શાળા, જૈનાબાદ | પાટડી | 32 |
| 29 | દેવૈયા ભરતભાઈ | રૂપાળીબા તથા કરણસિંહજી પે.સે.-૧ | લખતર | 33 |
| 30 | સાતુનીયા પ્રવિણભાઈ | કારેલા પ્રા શાળા | લખતર | 34 |
| 31 | ડોડીયા નિલેશભાઈ આર | સવલાણા પ્રા શાળા | લખતર | 35 |
| 32 | ભાવિકભાઈ જે શાહ | ગઢાદ પ્રા.શાળા | મુળી | 36 |
| 33 | મહેશભાઈ પટેલ | ટીડાણા પ્રા.શાળા | મુળી | 37 |
| 34 | મયુરદાન જે.ગઢવી | નલિયા પ્રા.શાળા | મુળી | 38 |
| 35 | વારીસ ટી.ભટ્ટા | સરકારી ઉ.મા.શાળા સરલા | મુળી | 39 |
| 36 | હેમાંગ ગાંધી | સરકારી મા.શાળા લિયા | મુળી | 40 |
| 37 | મકવાણા બીનલબેન કે | કાબરણ પ્રા.શાળા-1 | ચોટીલા | 41 |
| 38 | માઢક મનીષાબેન એન. | નાની મોલડી પ્રા.શાળા | ચોટીલા | 42 |
| | નોંધ | | | 43-44 |



**ઈનોવેશનનું નામ :** Making English class easy and interesting

**ઈનોવેટરનું નામ :** અધારા શ્વેતાબેન ભાણજીભાઇ **હોદ્દો :** મ.શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી પ્રથુગઢ પ્રાથમિક શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** ખાંભડા

**મો. નંબર :** ૯૮૭૯૯૦૫૧૧૬ **ઇ-મેઇલ આઇડી :** sanidhy.1983@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** વર્ષ ૨૦૧૮-૧૯

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** સતત ચાલુ

**સમસ્યા ઉદ્દ્ભવના કારણો :** પાયાનાં અંગ્રેજી શિક્ષણનો અભાવ, અંગ્રેજી વિષય પ્રત્યે નો ડર, નિબંધ લેખન, ચિત્ર વર્ણન, પ્રશ્નો બનાવવાં જેવાં કઠિન મુદ્દાઓ પ્રત્યે ઉદાસીનતા

**હેતુઓ :**
બાળકો સરળતાથી, રસપૂર્વક અંગ્રેજી શિક્ષણ મેળવે.
બાળકોનો અંગ્રેજી ભાષા પ્રત્યેનો ડર દૂર થાય.
બાળકો પોતાની વયકક્ષા અનુસારનો અભ્યાસ ક્રમ શીખે.

**કાર્યપધ્ધતિનું વર્ણન :**

ધોરણ 5 થી અંગ્રેજી વર્ગ લેવાની શરૂઆત.
oral work થી verb, ત્યારબાદ 6 થી 8 માં periodની શરૂઆતમાં જ બે verbs ભૂતકાળના રૂપ સાથે અને loanword નિયમિત રજૂ કરવામાં આવે છે. Frequency words ના વાંચન થી બાળકોનો આત્મવિશ્વાસ વધે છે, અંગ્રેજી વાંચન સરળ લાગે છે અને રસ વધે છે. ધોરણ 5,6 નાં બાળકો પોતાની વ્યક્તિગત 'diary' બનાવે છે. ધોરણ 7,8 નાં બાળકો પોતાની વ્યક્તિગત 'dictionary' બનાવે છે

**મૂલ્યાંકન :**

દરેક બાળક નિયમિત મોઢે સ્પેલિંગ બોલે છે.
દરરોજ ધોરણ 7,8 માં period નાં અંતભાગ માં 5 વાક્યો નું શ્રુતલેખન.
Wh- પ્રશ્નો ની અવાર નવાર ટેસ્ટ..
કોઇપણ વિષય પર પાંચ સાત વાક્યો લખી mail કરવાં કેહવું.

**પરિણામ :**

શબ્દભંડોળમાં વધારો., ક્રિયાપદ ની સમજ વધતા કાળ પ્રમાણે વાક્ય રચી શકે છે.
ચિત્ર વર્ણન, કોઈ વિષય પર પાંચ સાત વાક્યો લખી શકે છે.
અત્યારે વર્ગમાં 30 બાળકો માંથી 20 સરળતાથી સાત આઠ કઠિન અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ કરી શકે છે.

**ઉપયોગિતા**

આ પ્રયોગ 3 થી 8 ધોરણ માં દરેક શાળા માં કરી શકાય છે.
બે- ત્રણ અક્ષર વાળા શબ્દો નું કાર્ડ ધોરણ 3,4,5,6 માં જ વાંચન માટે આપીએ તો સારું પરિણામ મળી શકે છે.

**વર્તમાન સ્થિતિ :**

વયકક્ષા અનુસાર દરેક અધ્યયન મુદ્દાઓ શીખવી શકાય છે.



**ઈનોવેશનનું નામ :** ગામ-શિક્ષકોનો સાથ, શાળાનો વિકાસ

**ઈનોવેટરનું નામ :** પટેલ અનિલકુમાર રમેશભાઇ **હોદ્દો :** મ.શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી નવલગઢ પે.સે.શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** ખાંભડા

**મો. નંબર :** ૯૯૨૫૬૭૫૬૯૫ **ઈ-મેઈલ આઇડી :** anilpatel6090@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** વિશેષ કાર્યક્રમો(ડ્રોપ આઉટ, સ્થાયીકરણ, નિયમિતતા, જરૂરિયાત સંતોષવી)

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૨૩-૨૪ ના નવા સત્રથી

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** સતત ચાલુ

**સમસ્યા ઉદ્‌ભવના કારણો :** નવલગઢ પે સેન્ટર શાળામાં અભ્યાસ કરતા વાડી વિસ્તાર તેમજ જે બાળકોની આર્થિક પરિસ્થિતિ નબળી છે. તેવા બાળકોપોતાનીજરૂરિયાત પૂર્ણ કરી શકતા નથી. અને શાળામાં વિદ્યાર્થીઓનું ગેરહાજરીનું પ્રમાણ ખૂબ જ મોટા પ્રમાણમાં જોયા પછી આ સમસ્યા દૂર કરવા અને બાળકોનો સર્વાંગી વિકાસ કરવા આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો.

**હેતુઓ :**
1. આર્થિક નબળી પરિસ્થિતિ વાળા બાળકોની જરૂરિયાત સંતોષવી.
2. વાડી વિસ્તારના બાળકોનુ100% નામાંકન અને સ્થાયીકરણકરવું.
3. બાળકોની શૈક્ષણિક ગુણવત્તા સુધારવી. અને શાળાનોશૈક્ષણિક ગ્રેડ સુધારવો
4.બાલવાટિકામાં પ્રવેશ મેળવેલ બાળક ધોરણ-8 પૂર્ણ કરે તે પ્રયત્ન કરવા

**કાર્યપદ્ધતિનું વર્ણન :**

શૈક્ષણિક વર્ષ 2023 24 ની શરૂઆતમાં જ બધા વાલીઓની મીટીંગ બોલાવવામાં આવી. શાળાની પરિસ્થિતિની જાણ કરવામાં આવી. શાળામાં ભણતા બાળકો કે ગામના કોઈપણ વ્યક્તિના જન્મદિવસ કે ખુશીના પ્રસંગે ઓછામાં ઓછા 51 રૂપિયા અને વધુમાં વધુ પોતાની અનુકૂળતા મુજબ શાળામાં ફાળો આપે તો તે ફાળાની રકમમાંથી બાળકોની જરૂરિયાત સંતોષી શકાય. અને શાળામાં ગેરહાજરીનું પ્રમાણ ઘટાડવા માટે દરેક માસને અંતે દરેક ધોરણ માંથી ગ્રામ્ય વિસ્તારના અને વાડી વિસ્તારના બાળકોને અલગ અલગ રીતે જેની હાજરી સૌથી વધારે હશે તેવા તમામ બાળકોને ઇનામ આપી સન્માનિત કરવામાં આવશે.

**મૂલ્યાંકન :** શાળાદ્વારા લોક સંપર્ક કરવાથી દરેક વાલીઓ, શિક્ષકો અને અન્ય વ્યક્તિઓ પોતાની ઈચ્છા શક્તિ અનુસાર દાન આપે છે. જરૂરિયાતવાળા તમામ બાળકોની જરૂરિયાત સંતોષી શકાય છે. શાળામાં દરરોજ બાળકો નિયમિત આવે છે. ડ્રોપ આઉટ નહીવત છે. શાળાના તમામ બાળકો હસતા- કુદતા આનંદમય રીતે શિક્ષણ મેળવે છે.

**પરિણામ :**

નવતર પ્રયોગ કર્યા પૂર્વે શાળામાં દાનનીરકમ ન હતી. ટૂંકા ગાળામાં (આશરે 3 મહિનામાં) શિક્ષકો ગામના લોકો અને અન્ય બીજા લોકોના સહયોગથી 62000 કરતા વધારે રકમનો ફાળો એકઠોથયેલો છે. વર્ષ પૂર્ણ થતા ઘણી બધી રકમ એકઠી થશે. જેથી જરૂરિયાતવાળા બાળકોની જરૂરિયાત સંતોષાશે. શાળાની સંખ્યા ગત વર્ષે 320 થી વધીને 360 થઈ છે. 40 જેટલી વધી છે. અને દર મહિને ઇનામ આપી તો સન્માનિત કરવાથી કરવાથી ગેરહાજરીનું પ્રમાણ ઘટ્યું છે.

**ઉપયોગિતા** આ પ્રયોગનો ઉપયોગ રાજ્યની તમામ શાળાઓ કરી શકે. ખાસ કરીને જ્યાં બાળકોની આર્થિક પરિસ્થિતિ સારી નથી, વાડી વિસ્તારના બાળકોનું પ્રમાણ વધારે છે અને બાળકો ખૂબ જ મોટા પ્રમાણમાં ગેરહાજર રહે છે. એવી તમામ શાળાઓમાં ખાસ લાગુ કરી શકાય છે.

**વર્તમાન સ્થિતિ :** નવતર પ્રયોગ શાળામાં ખૂબ જ સારી રીતે ચાલે છે. શાળામાં એક અલગ વાતાવરણ ઊભું થયું છે. દાનની રકમમાંથી જરૂરી તમામ વસ્તુઓ બાળકોને પહોંચાડવામાં આવે છે.



**ઈનોવેશનનું નામ :** સામાજિક વિજ્ઞાન/G.K. શોર્ટ કટ ટ્રીક

**ઈનોવેટરનું નામ :** કૌશિકકુમાર પી. પ્રજાપતિ **હોદ્દો :** મ.શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી વસાડવા પ્રા.શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** વસાડવા

**મો. નંબર :** ૯૪૨૭૭૧૧૪૮૦ **ઈ-મેઈલ આઈડી :** kaushikhtat@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૨૩ થી

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** સતત ચાલુ

## સમસ્યા ઉદ્‌ભવના કારણો :

## હેતુઓ :

વિદ્યાર્થીઓમાં સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યે સરળ અને ટૂંકી રીતે સમજ આપી શકાય.
વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યે રસ-રુચિ પેદા થાય.
વિદ્યાર્થીઓને NMMS/PSE/GNAN SADHANA/GNAN SETU જેવી EXAMનો હાઉ દૂર કરી પાસ થવા અને મેરીટમાં આવવા માટે મદદરૂપ થવા માટે. વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાનમાં વધારો કરવા માટે.
વિદ્યાર્થીઓની એકમ કસોટીના હેતુલક્ષી પ્રશ્નો યાદ રાખી શકે તે માટે.

## કાર્ય પદ્ધતિનું વર્ણન :

આ પ્રયોગની શરૂઆત વર્ષ ૨૦૨૩થી કરવામાં આવી.જેમાં વિદ્યાર્થીઓને અન્ય વિષયની તુલનાએ સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યે સૂગ જોવા મળી.કંટાળાજનક વિષય લાગતો.આ સમસ્યાના નિવારણ માટે ધો. ૬ થી ૮ નાં સામાજિક વિજ્ઞાનમાં આવતા એકમોનું સરલીકરણ કરવાં માટે શોર્ટ ટ્રીક બનાવી.તેના ચાર્ટ તૈયાર કરી વર્ગખંડમાં લગાવવામાં આવ્યા.જેથી બાળકો તે વાંચી સરળતાથી યાદ રાખવા લાગ્યા.

## મૂલ્યાંકન :

આ નવતર પ્રયોગથી વિદ્યાર્થીઓમાં સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યે રસ – રુચિ વધી.તેમજ એકમ કસોટીના પરિણામમાં પણ સુધારો જોવા મળ્યો.

## પરિણામ :

બાળકોની પરીક્ષાની તૈયારી માટેના પથદર્શક તરીકે આ શોર્ટ ટ્રીક ઉપયોગી બની રહી છે.

## ઉપયોગીતા :

આ ઇનોવેશન થી ધો ૬ થી ૧૨ અભ્યાસ કરતા વિદ્યાથીઓને અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ ની તૈયારી કરતા વિદ્યાર્થીઓને ઉપયોગી બની રહેશે.

## વર્તમાન સ્થિતિ :

હાલ પણ આ એકમ વાઈઝ વિવિધ ટ્રીકસ બનાવવાની પ્રક્રિયા ચાલુ જ છે.

**ઈનોવેશનનું નામ :** ગણિત વિષયમાં ગુણાકાર કરવાની સરળ રીત

**ઈનોવેટરનું નામ :** પટેલ સંદિપભાઇ પ્રભુભાઇ **હોદ્દો :** મ.શિક્ષક **વિભાગ :** માધ્યમિક

**શાળાનું નામ :** શ્રી મા. ઉચ્ચ મા. શાળા - ચુલી **ક્લસ્ટર/ક્યુડીસી :** QDC-2

**મો. નંબર :** ૯૧૦૬૪૧૮૫૩૪ **ઇ-મેઈલ આઇડી :** patelsandip2310@gmail.com



**નવતર પ્રયોગની કેટેગરી :** અભ્યાસક્રમ આધારિત મૂલ્ય શિક્ષણ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુલાઇ - ૨૦૨૩

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** માર્ચ - ૨૦૨૩

## સમસ્યા ઉદ્ભવના કારણો :

ધોરણ - ૯ માં આવતા વિદ્યાર્થી ઓને 11 થી 20 ના ઘડિયા તથા મોટા ગુણાકાર કરવામાં તકલીફ પડતી હોય છે. જેને કારણે દાખલાની ગણતરી સાચી કરી શકતા નથી.

## હેતુઓ :

૧. દાખલામાં આવતી ગણતરી સરળતાથી કરી શકે.
૨. ગોખણપટ્ટીથી દુર થઈ સમજી જાતે ઘડિયા લખી શકે.
3. અઘરા લગતા ગુણાકાર સરળતાથી કરી શકે
૪. ગાણિતિક ક્રિયાઓમાં રસ લેતા થાય.

## કાર્યપદ્ધતિનું વર્ણન :

સૌપ્રથમ એ તપાસ્યું કે વિદ્યાર્થીને ૧ થી ૧૦ માં ઘડિયા આવડે છે કે નહીં. અમુક વિદ્યાર્થીને ૧ થી ૧૦ ના ઘડિયા જાતે લખી શકતા નહોતા તેમને પેહલા ૧ થી ૧૦ ના ઘડિયા તૈયાર કરાવ્યા. ત્યારબાદ આ ૧૧ થી 99 ના ઘડિયા કેમ લખી શકાય તે શીખવ્યું . ત્યારબાદ વિદ્યાર્થીઓને વૈદિક ગુણાકાર ની રીત શીખવી જેથી વિદ્યાર્થી મોટા ગુણાકાર ભૂલ કર્યા વગર ઝડપથી કરી શકે

## મૂલ્યાંકન :

આ પ્રયોગ ચાલુ કર્યા બાદ હું વર્ગમાં દાખલા ગણતી વખતે દાખલામાં આવતા ઘડિયા નો ઉપયોગ અને દાખલામાં આવતા ગુણાકાર વિદ્યાર્થીને આ પ્રયોગના મૂલ્યાંકન માટે પૂછતો .

## પરિણામ :

નવતર પ્રયોગ પૂર્વેની સ્થિતિ : ૧૧૬ વિદ્યાર્થી માંથી ૬૦ વિદ્યાર્થીને ઘડિયા નોહતા આવડતા
નવતર પ્રયોગ બાદની સ્થિતિ: ૧૧૬ વિદ્યાર્થીમાંથી ૯૪ વિદ્યાર્થીને ઘડિયા લખતા શીખી ગયા.

## ઉપયોગિતા

આ નવતર પ્રયોગ રાજયની કોઈપણ શાળામાં ધોરણ - ૯ અને ૧૦ માં લાગુ કરી શકાય છે.

## વર્તમાન સ્થિતિ :

વર્તમાન માં ચાલુ સ્થિતિ માં પ્રયોગ



**ઈનોવેશનનું નામ :** ગણિત વિજ્ઞાન ને ગમતું કરીએ

**ઈનોવેટરનું નામ :** ઠાકર હેતલ દોલતરાય **હોદ્દો :** મ.શિક્ષક **વિભાગ :** માધ્યમિક

**શાળાનું નામ :** શ્રીમતી એમ.ડી.એમ.કન્યા વિદ્યાલય **કલસ્ટર/ક્યુડીસી :** ૨

**મો. નંબર :** ૯૮૨૫૫૦૪૮૮૭ **ઇ-મેઈલ આઈડી :** hgmehta1976@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** સહ અભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૨૨

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** સતત ચાલુ

**સમસ્યા ઉદ્‌ભવના કારણો :**

(૧)વિજ્ઞાન અને ગણિત વિષય પ્રત્યે નો વિદ્યાર્થી નો હાવ.
(૨) પાયા નાં જ્ઞાનનો અભાવ.
(૩)વિષય પ્રત્યે ઓછી અભિરુચિ .
(૪) અન્ય વિષયપ્રત્યેનો વધુ લગાવ.

**હેતુઓ :**

(૧) ગણિત વિજ્ઞાનને ગમતો વિષય બનાવવો.
(૨) વિદ્યાર્થિનીઓનાં આત્મવિશ્વાસમાં વધારો કરવો.
(૩) રમતગમત દ્વારા વિષયને સહેલોને સરળ બનાવવો.

**કાર્યપદ્ધતિનું વર્ણન :**

વિવિધ પ્રવૃતિઓ દ્વારા અને રમતો દ્વારા આવર્ત કોષ્ટકનાં તત્વનાં નામ, નંબર અને સંજ્ઞાઓને યાદ કરવાની સરળ પ્રક્રિયા. ટીમ વર્ક દ્વારા સંયોજકતા યાદ કરવાની વિવિધ રમતો. રાસાયણિક સૂત્રો બનાવવા માટેની પ્રયુક્તિઓ દ્વારા સમજૂતી. ગણિતના વિવિધ આકારો આધારિત ખૂણા અને ત્રિકોણનોનું રમત ગમત દ્વારા સમજૂતી. વિવિધ સ્પર્ધાઓ જેવી કે ગણિત વિજ્ઞાન રંગોળી સ્પર્ધા, મહેંદી સ્પર્ધા, નેઇલ આર્ટ વગેરે રસપ્રદ પ્રવૃતિઓ દ્વારા વિષય પ્રત્યે જાગૃત કરવા માટે આયોજનને મૂલ્યાંકન .

**મૂલ્યાંકન :**

(૧) પરીક્ષાનો હાઉ દૂર કરવા માટે વિવિધ સ્પર્ધાઓ દ્વારા મૂલ્યાંકન.
(૨) ત્યાર બાદ વિસ્તૃત પ્રશ્નોનું કસોટી દ્વારા મૂલ્યાંકન .

**પરિણામ :**

રસાયણ વિજ્ઞાન અને ભૂમિતિમાં પડતી મુશ્કેલીને આ પ્રયોગ દ્વારા દૂર કરીને નબળા બાળકોને આ બન્ને વિષયમાં સારામાં સારું પરિણામ પ્રાપ્ત કરીને સફળતાની અનુભૂતિ . ધોરણ 10 નાં બાળકોને વધુ સારું પરિણામ મેળવવામાં સફળતા .

**ઉપયોગિતા**

ધોરણ 9 અને ધોરણ 10 નાં બાળકો તમામ શાળામાં આ પ્રવૃતિઓ સહેલાઈથી કરાવી શકાયને વિષય પ્રત્યેનો લગાવ કેળવી શકાય .

**વર્તમાન સ્થિતિ :**

હાલમાં બન્ને વિષયનાં બાકીનાં કઠિન ટોપિક પર ને મુદ્દાઓ પર વધુ કામ કરીને વધુ સફળતા મેળવવા માટે પ્રયત્નોચાલુ જ છે.



**ઈનોવેશનનું નામ :** ભારતીય સંસ્કૃતિ અને સ્થાપત્યના ગૌરવશાળી ઈતિહાસને જાણે

**ઈનોવેટરનું નામ :** સુરેશભાઈ કરશનભાઈ પઢારીયા **હોદ્દો :** મ.શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી શક્તિનગર પે.સેન્ટર શાળા **કલસ્ટર/ક્યુડીસી :** રતનપર

**મો. નંબર :** ૯૪૨૯૯૨૮૧૮૬૭ **ઈ-મેઈલ આઈડી :** skpadhriya2@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** અભ્યાસક્રમ આધારિત મૂલ્ય શિક્ષણ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૧૫-૦૪-૨૦૨૨

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** અંદાજિત પાંચ મહિના

### સમસ્યા ઉદ્દ્ભવના કારણો :

1.અભ્યાસક્રમમાં ઊંડાણપૂર્વક સંસ્કૃતિ અને સ્થાપત્યના અભ્યાસનો સમાવેશ થઈ શકતો નથી
2.સ્થાપત્યને સમજવા માટે વિદ્યાર્થીઓ મુશ્કેલી અનુભવતા હતા.

### હેતુઓ :

1.ભારતીય સંસ્કૃતિ/સ્થાપત્યનું સાહિત્ય નિર્માણ કરવું.
2.વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિ/સ્થાપત્યના ઈતિહાસને નજીકથી જાણે-સમજે
3.વિદ્યાર્થીઓ ભારતના ભવ્ય વારસાને જાણે

### કાર્યપદ્ધતિનું વર્ણન :

શાળાના દરવાજા ઉપર લગાવવા માટે ચુંમાલીસ પોસ્ટર તૈયાર કર્યા. જેનો વિષય છે ભારતીય સંસ્કૃતિ અને સ્થાપત્ય છે. દરેક પોસ્ટરમાં ઉપરના ભાગે ફોટો, નીચે તેના વિશેની માહિતી અને નીચે વિકિપિડિયાનો ક્યુઆર કોડ મુકેલ છે. આ રીતે દરેક પોસ્ટર તૈયાર કરી શાળાના દરેક દરવાજા ઉપર લગાવેલ છે.

### મૂલ્યાંકન :

•વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિને સરળતાથી સમજી શકે.
•વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિ/સ્થાપત્ય/ક્રાંતિકારીઓ/સમાજસુધારકો વિશે એક સાથે જાણવા સમજવા મળે
•વિદ્યાર્થીઓને ભારતીય સ્થાપત્યના પ્રાચીન ઈતિહાસની જાણકારી મળે.

### પરિણામ :

- વિદ્યાર્થીઓ જાતે પોસ્ટર વાચતા થયા અને તેને જોઈ સ્થાપત્યને પણ સમજતા થયા
- વિદ્યાર્થીઓ અંદરો-અંદર ગ્રૃપમાં પોસ્ટર જોઈ સંસ્કૃતિ અને સ્થાપત્ય વિશે પ્રશ્નોત્તરી કરતા થયા
- આ પ્રશ્નોત્તરી વિદ્યાર્થીઓ પ્રાર્થના સભામાં રજૂ કરતા થયા

### ઉપયોગિતા

બધાજ ધોરણના વિદ્યાર્થીઓ અને શાળા, કલસ્ટર કક્ષાએ ઉપયોગી બની શકે.

### વર્તમાન સ્થિતિ :

•આ ઈનોવેશનની વર્તમાન સ્થિતિ જોઈએ તો ભારતીય સંસ્કૃતિ/સ્થાપત્ય/ક્રાંતિકારીઓના ગૌરવપૂર્ણ ઈતિહાસના ૪૪ પોસ્ટર તૈયાર કરેલ છે. • આ પોસ્ટરમાં ફોટો તેનું લખાણ અને ક્યુઆર કોડ મુકેલ છે. • આ પોસ્ટરો શાળાના દરેક દરવાજા ઉપર લગાવેલ છે. જેથી વિદ્યાર્થીઓ આવતા-જતા જોઈ શકે, વાંચી શકે અને સરળતાથી સમજી પણ શકે.

**ઈનોવેશનનું નામ :** વાંચન-લેખનનું સાહિત્ય નિર્માણ કરી જૂથ કાર્ય દ્વારા ઉપચારાત્મક કાર્ય કરવું



**ઈનોવેટરનું નામ :** ડો. વિક્રમભાઇ ઇશ્વરભાઇ ભડાણીયા **હોદ્દો :** મ. શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી ખમીસાણા-૧ પ્રા. શાળા **કલસ્ટર/ક્યુડીસી :** સુરેન્દ્રનગર- ૫

**મો. નંબર :** ૮૪૮૮૯૮૪૮૨૧ **ઇ-મેઇલ આઇડી :** bhadaniyavikram66@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** સાંપ્રત વિષયો(FLN, NIPUN BHARAT)

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૦૧-૦૮-૨૦૨૩

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** અંદાજિત છ મહિના

**સમસ્યા ઉદ્દભવના કારણો :** 1.સીઆરસી તરીકે શાળા મુલાકાત દરમ્યાન શાળામાં ઘણા વિદ્યાર્થીઓમાં વાચન લેખનની કચાશ જોવા મળી. 2.શિક્ષક તરીકે ખમીસાણા 1 પ્રાથમિક શાળામાં જોડાતા વર્ગના મોટા ભાગના વિદ્યાર્થીઓમાં વાચન-લેખનની કચાશ જોવા મળી

**હેતુઓ :**
1.વાચન-લેખન માટેનું સાહિત્યનું નિર્માણ કરવું.
2.વિદ્યાર્થીઓમાં વાચનની કચાશ દૂર કરવી.
3.વિદ્યાર્થીઓમાં લેખનની કચાશ દૂર કરવી

**કાર્યપદ્ધતિનું વર્ણન :**

વાચન અને લેખનનું સોશ્યલ મિડિયામાં ઘણું સાહિત્ય મળી રહે છે. પરંતુ જરૂરિયાત મુજબ અને પદ્ધતિસરના ઉપચારાત્મક કાર્ય થઈ શકે તે માટે જાતે જ સાહિત્યનું નિર્માણ કરવાનું વિચાર્યું. તે માટે સોશ્યલ મિડિયામાં મળતા સાહિત્યનો અભ્યાસ કરી તેનો સંદર્ભ સાહિત્ય તરીકે ઉપયોગ કરી અલગ અલગ કાર્ડ બનાવવામાં આવ્યા. જેમાં જે તે મૂળાક્ષરને લગતા શબ્દો પણ મહાવરા માટે મૂકવામાં આવ્યા. આમ વાચન અને લેખન માટેનું સાહિત્ય નિર્માણ કરવામાં આવ્યું.

**મૂલ્યાંકન :**

ખમીસાણા ૧ પ્રાથમિક શાળામાં વાચન લેખનના ઉપચારાત્મક કાર્ય માટે ધોરણ ૬ ના વિદ્યાર્થીઓની નિદાનાત્મક કસોટી લેવામાં આવી. નિદાનાત્મક કસોટીના પરિણામના આધારે અલગ અલગ જૂથ બનાવવામાં આવ્યા. આ જૂથમાં FLN સિદ્ધિ પ્રાપ્ત કરેલ એક એક વિદ્યાર્થીને ટુકડી નાયક તરીકે મૂકવામાં આવ્યા. જેમાં જે જૂથ જે કાર્ડમાં પહોંચ્યો હોય તેનું વાચન અને લેખનનું કાર્ય દરરોજ એક કલાક કરાવવામાં આવ્યું. જેથી વિદ્યાર્થીઓ પદ્ધતિસર રીતે આગળ વધતા જોવા મળ્યા.

**પરિણામ :** -વાચન-લેખનનું સાહિત્યનું નિર્માણ થયું. -વિદ્યાર્થીઓ જૂથ પદ્ધતિ આધારિત શિક્ષણ કાર્ય મેળવતા થયા
-બાળકોનું વ્યક્તિગત ઉપચારાત્મક કાર્ય શક્ય બન્યું -બાળકો જેટલું આવડે છે ત્યાંથી આગળ વધતા થયા.

**ઉપયોગિતા** આ નવતર પ્રયોગ રાજયની તમામ શાળા કે જ્યાં વાચન – લેખનમાં કચાશ ધરાવતા વિદ્યાર્થીના ઉપચારાત્મક કાર્ય માટે ઉપયોગી છે.

**વર્તમાન સ્થિતિ :**

આ પ્રયોગ ખૂબ ઉપયોગી છે. બાળકોને વૈજ્ઞાનિક ઢબે ઉપચારાત્મક કાર્ય કરાવી શકાય છે. જૂથ કાર્ય પદ્ધતિથી થતા ફાયદાનો લાભ લઈ ઉપચારાત્મક કાર્ય શક્ય બને છે. તેમજ સાથી-શિક્ષણ પદ્ધતિનો પણ મહંદઅંશે ઉપયોગ થયેલ છે



**ઈનોવેશનનું નામ :** ચાલો, કોણ કરશે ?

**ઈનોવેટરનું નામ :** ગોસ્વામી મીરાબેન રમણીકગીરી **હોદ્દો :** મ.શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી પે.સેન્ટર શાળા નં.૭ **કલસ્ટર/ક્યુડીસી :** શ્રી પે.સેન્ટર શાળા નં.૩ વઢવાણ

**મો. નંબર :** ૯૯૨૫૪૯૦૦૨૯ **ઈ-મેઈલ આઈડી :** mayurisgoswami@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** સહ અભ્યાસસિક પ્રવૃત્તિઓ દ્વારા સર્વાંગી વિકાસ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** સત્રની શરૂઆતથી ૨૦૨૩

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** સતત ચાલુ

**સમસ્યા ઉદ્‌ભવના કારણો :** એવા બાળકો જે શાળામાં નવા આવ્યા હોય એટલે કે બાળકો જ્યારે શાળાએ પહેલીવાર આવે છે ત્યારે તે બાળકો પોતાની જાતને અસુરક્ષિત અનુભવતા હોય છે ,એટલે તેઓ શાળાના વાતાવરણમાં કે વર્ગના વાતાવરણમાં સારી રીતે જોડાઈ શકતા નથી. કોઈ પણ પ્રવૃત્તિમાં તેઓ ભાગ લેતા નથી . બાળકોને શાળામાં મજા ન આવવાથી તેઓ શાળાને બદલે ઘરે રહેવાનું પસંદ કરે છે. આથી બાળકો શૈક્ષિણક કાર્યમાં પાછળ રહી જાય છે.

**હેતુઓ :** *બાળક શાળાના અને વર્ગના વાતાવરણથી પરિચિત થાય *બાળક પોતાની જાતને સુરક્ષિત અનુભવી શકે
*બાળક ઘરે રહેવાની બદલે આનંદિત થઈને શાળાએ આવે *બાળક શિક્ષણ પ્રત્યે અને શાળા પ્રત્યે તત્પરતા દાખવે
*બાળકનો માનસિક વિકાસ થાય તેમ જ બાળકની તર્ક શક્તિ, અવલોકન શક્તિ અને નિર્ણય શક્તિ વિકસે

**કાર્યપદ્ધતિનું વર્ણન :** બાળક પહેલીવાર શાળાએ આવે ત્યારે તેમને શાળામાં વર્ગખંડમાં અસુરક્ષા અનુભવે છે આથી શાળામાં અને વર્ગખંડમાં બાળકની રસ રુચિ પ્રમાણે જુદી જુદી રમતો બનાવવામાં આવી છે જેમ કે કલર મેચિંગ, દિશા નિ દર્શન, આકારો જોડવા, ચિત્ર પર દીવાસળીઓ લગાડવી ,ઈયળ નાચિત્રના મોઢામાં વસ્તુ નાખવી,તેમજ શિક્ષકના નિદર્શનન મુજબ પ્રવૃત્તિ કરવી વગેરે જુદી જુદી રમતો બાળક પાસે રમાડવી.

**મૂલ્યાંકન :** ❖બાળકો જે શાળામાં નીરસતા અનુભવે છે જે શાળાની કે વર્ગની કોઈપણ પ્રવૃત્તિમાં ભાગ લેતો નથી તેવા બાળકોને આ રમતો રમાડી શકાય છે .આ જુદી-જુદી રમતો રમાડીએ શાળા અને શિક્ષણ પ્રત્યે તત્પરતા લાવી શકાય છે. એ ઉપરાંત બાળકોનો માનસિક વિકાસ થાય છે એ ઉપરાંત તર્ક શક્તિ અવલોકન શક્તિ અને નિર્ણય શક્તિ વિકસે છે.

**પરિણામ :** ❖ બાલવાટિકા અને નીચલા ધોરણમાં ગેરહાજરીનું પ્રમાણ વધારે રહેતું હતું પણ આ નવતર પ્રયોગ બાદ ગેરહાજરીનું પ્રમાણ ઘટી રહ્યું છે . ❖ બાળકો આનંદ અને નિર્ભયતાથી શાળાએ આવે છે અને રસ પૂર્વક દરેક શૈક્ષણિક પ્રવૃત્તિમાં ભાગ લે છે. ❖ આ પ્રવૃત્તિ વ્યક્તિગત જૂથમાં અને સામૂહિક રીતે પણ કરાવી શકાય છે આ પ્રવૃત્તિ બાળકો બાળકોથી અનેળકો શિક્ષક થી નજીક આવ્યા છે. ❖ બાળકોની તર્ક શક્તિ અવલોકન શક્તિ અને નિર્ણય શક્તિમાં વધારો થયો છે. ❖ બાળકો ત્વરિત નિર્ણય લેતા શીખ્યા છે.

**ઉપયોગિતા** આ નવતર પ્રયોગ બાલવાટિકા અને નીચલા ધોરણમાં ખાસ લાગુ પાડી શકાય છે

❖ જે બાળકો અનિયમિત શાળાએ આવે છે
❖ શાળામાં આવીને કંટાળો આવે છે એવા બાળકો માટે
❖ શાળાના પ્રિય બાળકો માટે
❖ જેબાળકો માં આત્મવિશ્વાસ નો અભાવ હોય તેવા બાળકો માટે પણ આ પ્રયોગ ખૂબ જ અસરકારક પુરવાર થશે.

**વર્તમાન સ્થિતિ :**

હાલ 'ચાલો, કોણ કરશે'? એ પ્રયોગ ખૂબ સફળ નીવડ્યો છે
❖બાળકો હોંશે હોંશે આ પ્રવૃત્તિમાં જોડાય છે અને ગેરહાજરીના પ્રમાણ માં પણ ઘટાડો જોવા મળ્યો છે.



**ઈનોવેશનનું નામ :** શ્રી અન્ન (MILLETS) નું મહત્વ


**ઈનોવેટરનું નામ :** યોગેશકુમાર મકનજીભાઇ ગામીત **હોદ્દો :** મ. શિક્ષક **વિભાગ :** માધ્યમિક

**શાળાનું નામ :** શ્રી ડી.એન.ટી.હાઇસ્કૂલ **કલસ્ટર/ક્યુડીસી :** જોરાવરનગર

**મો. નંબર :** ૯૮૭૯૫૬૬૩૭૬ **ઈ-મેઈલ આઈડી :** ygamit96@gmail.com


**નવતર પ્રયોગની કેટેગરી :** સાંપ્રત વિષયો, સહ અભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** સામુહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** માર્ચ - ૨૦૨૩

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** ૬ માસ

**સમસ્યા ઉદ્દ્ભવના કારણો :** ભારત સરકાર INTERNATIONAL MILLETS YEARS-2023 ની ઉજવણી સાથે અધ્યક્ષ અને તેનું નેતૃત્વ કરી રહ્યું છે.વિદ્યાર્થી MILLETS શ્રી અન્ન ની ઓળખ,સ્વાસ્થ્ય,આર્થિક,સામાજિક,નાના ખેડૂતો ECONOMICALY થતાં ફાયદા ના મહત્વવિષે અજાણ IMY૨૩ નુ મહત્વ સમજે.વિજ્ઞાન,સામાજિક વિજ્ઞાન,અર્થશાસ્ત્ર,પર્યાવરણ વિષય ના મુદાઓ સરળતા થી સમજી શકે

**હેતુઓ :** રાષ્ટ ના પાયામાં જયારે (બાળક) વિદ્યાર્થી હોય ત્યારે તે સશક્ત તંદુરસ્ત અને સ્વસ્થ હોય એ પ્રાથમિક જરૂરિયાત નવી રાષ્ટીય શિક્ષણ નીતિ શારીરિક સ્વાસ્થ્ય અભ્યાશક્રમ સાથે સલગ્ન કરવાની પહેલ છે.વેશ્વિક વિચારોનુ વિનિમય,સંશોધન,વિકાસ તેમજ વેપારને પ્રોત્સાહન ની સમજ કેળવશે.IMY23 ભારત વિશ્વનો સૌથી મોટો બાજરી(શ્રી અન્ન) નો ઉત્પાદક દેશ છે.

**કાર્યપદ્ધતિનું વર્ણન :** વિદ્યાર્થી ખાસ,ધોરણ ૯ અને ૧૦ *MILLETS*શ્રીઅન્ન શબ્દ થી અજાણ હતા.શ્રી અન્ન નાના મોટા દાણા વાળા અનાજ (બરછટઅનાજ).બાજરી નાના બીજ વાળી ઘાસની વિવિધ જાતો નો ઉલ્લેખ કરે છે.મોટી બાજરી ,ફિંગર બાજરી, રાગી,રાજગરો, જુવાર મહત્વશું છે.તેનો આહાર માં ઉપયોગ કરવાથી સ્વાસ્થ્ય સુધરે,શારિરીક તંદુરસ્તી રહે રાષ્ટ્રભાવના કેળવે. આ માટે દરેક વિદ્યાર્થી ચિત્ર, નીબંધ ,નાટક ,અહેવાલ લેખન વક્તવ્યદ્વારા માહિતગાર કરવા.

**મૂલ્યાંકન :** શાળા માં ૧૨૦ થી વધુ વિદ્યાર્થીઓ રીસેશ દરમ્યાન પોતાના આહારમાં(LUNCH BOX) મા શ્રી અન્ન MILLETS થી બનાવેલ વાનગી બાજરી નો રોટલો,મિક્ષ ફણગાવેલ મગ-ચણા,સામો થી બનાવેલ ખિચડી લાવે છે. શિક્ષક દ્વારા અવલોકન કરવામાં આવ્યું- ચિત્ર સ્પર્ધા,નિબંધ લેખન,અહેવાલ દ્વારા, નાટક દ્વારા સ્વાસ્થ્ય,બાજરીના(શ્રી અન્ન) પોષકતત્વો,પર્યાવરણ આર્થિક ફાયદા, ભારત નીવર્તમાન અને ભુતકાળ ના વર્ષો માં નિકાસના આંકડાકીય માહિતી ગ્રાફ દ્વારાધોરણ૧૧/૧૨ના વિદ્યાર્થી વર્ણન દ્વારા યોગ્યનંબરપ્રમાણપત્ર ઇનામ આપી પ્રોત્સહિત કરવા.

**પરિણામ :**

| ક્રમ | મુખ્ય મુદા ને આધારે વિદ્યાર્થીની સંખ્યા | પૂર્વે | પછી |
|---|---|---|---|
| ૧ | આર્થિક,રાષ્ટીય,અર્થશાસ્ત્ર,,સામાજિકઅન્ન નુ મહત્વ MILLETS | ૧૨ | ૨૦૫ |
| ૨ | શ્રી અન્ન ના પ્રકાર નાના-મોટા દાણાના અનાજ,GI રેસીયો, વિજ્ઞાનમા મહત્વ | ૨૫ | ૧૯૦ |
| 3 | આહાર માં રોજનુ સ્થાન,ઉપયોગ,સહકુટુંબ, ભારત સરકાર ના બજેટ મા સ્થાન.આ જાણકારીકેટલા વિદ્યાર્થી ને | ૧૫ | ૨૦૫ |

**ઉપયોગિતા** INTERNATIONAL MILLETS YEAR 2023 બાજરી ઉત્પાદનમાં વધારો કરવા માટેનુ દબાણ ટકાઉ વિકાસ માટે વર્ષ ૨૦૩૦ એજન્ડા માં ફાળો આપશે.બાજરી નુ વધુ ઉત્પાદન નાના ખેડૂતો,નાના વેપારી,કૃષિ યુનિવર્સીટી.નવા ૫૦૦ સ્ટાર્ટઅપ, ભારતીય મહિલા યુવાનોને નોકરીની તકો પૂરી .G૨૦ સમિત આહર મા મહત્વ ભોજન MILLETS થી બનાવેલ વાનગી,ભારત ના દરેક નાગરિક ની ભોજન ની થાળી માં આવશે .સુકી ખેતી માટે વૈકલ્પિક ઓછા વરસાદ મા 65 થી 70 દિવસ મા અનાજ શ્રી અન્ન થઈ શકે . પાણી વરસાદ નું પ્રમાણ ઓછું ત્યાં વધુ ઉપયોગી બનશે.

**વર્તમાન સ્થિતિ :** હાલ ક્વિઝદ્વારા,ચિત્રો,નિબંધ G20 સમિતભોજન માં MILLETS થી બનેલ વાનગી આપવી ઓન લાઈન MY GOV વેબ પરઆહાર કોમ્પીટીશનમાં ભાગ પરિવાર ના સભ્યલઈ શકે માહિતગાર કરવાનુ કાર્ય મિલેટ થી ઢોસા.ઈડલી, પિઝા, લાડુ, સીરો,સલાડ મિક્સ જેવીવાનગી બનાવી વિદ્યાર્થી ,ગ્રામ પંચાયત, નગરપાલિકા,શાળા,સહ ભાગીદારબની કરશે. ભારત સરકાર અધ્યક્ષ પદે હોવાથી દરેક ભારતીય નાગરિક શ્રી અન્ન વર્ષ મા ઉત્સાહ થી ભાગ લઈ Milllet થી બનાવેલ વાનગીનો ઉપયોગ કરશે. આપની ભોજન ની થાળી મા શ્રી અન્ન નુ સ્થાન નિશ્ચિત બનાવશે.



**ઈનોવેશનનું નામ :** હસ્તકલા દ્વારા પ્રાચીન લોકકલા આભૂષણ વારસો

**ઈનોવેટરનું નામ :** તેજલબેન કે. મહેતા **હોદ્દો :** અધ્યાપક **વિભાગ :** પ્રશિક્ષણ સંસ્થા

**શાળાનું નામ :** શ્રીમતી સદગુણાબેન સી.યુ.શાહ અધ્યાપન મંદિર, વઢવાણ **કલસ્ટર/ક્યુડીસી :** વઢવાણ

**મો. નંબર :** ૯૯૨૫૪૯૭૦૦૧ **ઈ-મેઈલ આઈડી :** mehtatejal1971@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** સહઅભ્યાસિક પ્રવૃતિ દ્વારા સર્વાંગી શિક્ષણ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** સામૂહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુલાઈ ૨૦૨૩

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** ૬ મહિના

**સમસ્યા ઉદ્‌ભવના કારણો :** પ્રશિક્ષણાર્થીઓએ પ્રવેશોત્સવ દરમિયાન રજૂ કરેલ કૃતિ માટે કાગળ માંથી આભૂષણો બનાવ્યા હતા આવા આભૂષણો કાયમી ઉપયોગી બની રહે તેવા ન બને ? પ્રશિક્ષાર્થીઓના આ વિચારોને વેગ આપવા શિક્ષણમાં સાથે સાંકળી નવતર પ્રયોગ રૂપે બનાવવા માટે પ્રોત્સાહિત થયા

**હેતુઓ :** ઊન,કાગળ,મોતી,કાચ,દોરા વગેરેમાંથી કલાત્મક આભૂષણો બનાવવા. પ્રશિક્ષણાર્થીઓની સર્જનાત્મક અને કલાકારીગીરીનો વિકાસ કરે. • હસ્તકલાનો ભાતીગળ વારસો છે તે જાણી પ્રશિક્ષણાર્થી તેનું જતન કરતા શીખે. • હસ્તકલાનો ઉપયોગ પર્યાવરણ વર્ગખંડ અને ઘરમાં કરે.• અન્યને પ્રશિક્ષિત કરી કલાત્મક નમૂનાના વેચાણ દ્વારા આર્થિક અર્થોપાર્જન કરે.

**કાર્યપધ્ધતિનું વર્ણન :** પ્રશિક્ષણાર્થીઓના આ કાર્યને નવતર પ્રયોગ રૂપે જુલાઈ મહિનાથી કાર્યરત છે સૌ પ્રથમ પ્રશિક્ષણાર્થીઓ ને ટુકડીમાં સામાન વહેંચણી કરી ઉનની ગોટીઓ બનાવતા શીખવામાં આવી ત્યારબાદ તેમની સહભાગીદારી થી દર અઠવાડિયે એક તાસ લઈ આવા વિવિધ આભૂષણો બનાવતા શીખવવામાં આવ્યા • શાળાના વિવિધ પ્રકલ્પમાં ભાગીદારી નોંધાવીને વ્યક્તિગત ભાવોને કલાના માધ્યમથી રજૂ કરે છે. • વ્યક્તિગત બદલાવ માટે નૂતન તન અભિગમ સર્જન કરે છે. • તમામ વિષયના અનુસંધાનમાં પણ આવા વિવિધ નમૂના દ્વારા વિષયવસ્તુનું સ્પષ્ટીકરણ કરી શકાય • કચ્છી સંસ્કૃતિના હસ્તકલાનો વારસો જાળવે છે • ભેટ સોગાદ આપવામાં ઉપયોગી બને છે શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં કે ધાર્મિક પ્રસંગોમાં ઉપયોગી બની રહે છે • આ બધી વસ્તુઓ બનાવવામાં પાછળ હશે એવો છે કે સમયની બચત સાથે નજીવા ખર્ચમાં શાળા પરિવાર ઘર પરિવાર તથા લોકસમુદાયને ઉપયોગી વસ્તુઓ બનાવી શકાય છે.

**મૂલ્યાંકન :** • કાગળ, દોરા, કાચ, જરી, બોર્ડરમાંથી વિવિધ આભૂષણો બનાવે છે. • પ્રશિક્ષણાર્થીઓ ઓછા સમયમાં સમયનો સદઉપયોગ કરીને ઘણી બધી પ્રવૃત્તિઓ કરે છે. જેમાંથી હસ્તકલા કૌશલ્ય વિકસે છે. • આર્થિક બચત થાય છે. • દરેક ઝીણામાં ઝીણી વાતનું મહત્વ તથા કિંમત સમજે છે

**પરિણામ :** આ નવતર પ્રયોગથી વિષય શિક્ષણમાં પ્રાયોગિક કાર્યમાં તથા વિષયાંગ સ્પષ્ટતામાં લોકસંસ્કૃતિ ભાતીગળ વારસાની સમાજ કેળવવામાં સંકલ્પના સ્પષ્ટ થઈ વર્તમાન સ્થિતિ સારી છે મોટાભાગની પ્રશિક્ષણાર્થીઓ રસ રુચિપૂર્વક આવી વસ્તુઓના નિર્માણ કાર્યમાં સક્રિય ભાગીદારી લે છે.

**ઉપયોગિતા** • જુદા જુદા વિષય વસ્તુના અનુસંધાનમાં આવા આભૂષણો નમૂના બનાવીને સ્પષ્ટીકરણ કરી શકાય છે. • ઊન,દોરા,કાગળ,કાચ વગેરે વસ્તુઓમાંથી વિવિધ ડિઝાઇનનાં હાર, બુટ્ટી, બંગડી, ટીકા બનાવી ઉપયોગ કરી શકાય. • લાંબા સમય સુધી આ વસ્તુઓને વિવિધ પ્રસંગોમાં ઘર પરિવારના સભ્યો કે અન્ય મિત્રો દ્વારા ઉપયોગમાં લઈ શકાય છે. • સમગ્ર ગુજરાત રાજ્યની ઓળખ ગ્રુપ ઉત્સવ નવરાત્રીમાં આ ઉપયોગમાં લઈ શકાય છે. • વિવિધ સામાજિક, ધાર્મિક પ્રસંગોમાં ઉપયોગમાં લઈ શકાય છે.

**વર્તમાન સ્થિતિ :** આ નવતર પ્રયોગથી વિષય શિક્ષણમાં પ્રાયોગિક કાર્યમાં તથા વિષયાંગ સ્પષ્ટતામાં લોક સંસ્કૃતિ ભાતીગળ વારસાની સમજ કેળવવામાં સંકલ્પના સ્પષ્ટ થઈ. વર્તમાન સ્થિતિ સારી છે મોટાભાગની પ્રશિક્ષણાર્થીઓ રસરુચિ પૂર્વક આવી વસ્તુઓના નિર્માણ કાર્યમાં સક્રિય ભાગ લે છે.



**ઈનોવેશનનું નામ :** રચનાત્મક મૂલ્યાંકન રચનાત્મક રીતે

**ઈનોવેટરનું નામ :** પંચાલ નીતિનકુમાર ભરતકુમાર **હોદ્દો :** મ. શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી સાયલા પે.સે.શાળા-૧ **ક્લસ્ટર/ક્યુડીસી :** સાયલા

**મો. નંબર :** ૯૪૨૭૫૯૯૭૮ **ઇ-મેઈલ આઈડી :** nitinpanchal8049@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** શૈક્ષણિક મૂલ્યાંકન, શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો ઉપયોગ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જૂન-૨૦૨૩ થી

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** જૂન-૨૦૨૩ થી ચાલુ

**સમસ્યા ઉદ્ભવના કારણો :** ધોરણ 6 થી 8 માં વિદ્યાર્થીઓમાં અધ્યયન નિષ્પત્તિઓના સિધ્ધિના મૂલ્યાંકન હેતુ રચનાત્મક મૂલ્યાંકન પત્રક-1 ભરવામાં આવે છે. જેમાં શિક્ષક અધ્યાપન પ્રક્રિયા દરમ્યાન વિદ્યાર્થીમાં જેતે અધ્યયન નિષ્પત્તિ સિધ્ધ થઈ છે કે નહી તેનું મૂલ્યાંકન કરી પત્રકમાં X,?,✓ ની નિશાની કરે છે.અને સત્રના અંતે તેની ગણતરી કરી ગુણ મૂકે છે. પણ આ રીતે મૂલ્યાંકનમાં ઘણી ક્ષતિ રહેવાની શક્યતા છે.રચનાત્મક મૂલ્યાંકન કરવામાં પડતી મુશ્કેલી. -અન્ય શિક્ષકોના અનુભવ

**હેતુઓ :** રચનાત્મક મૂલ્યાંકન યોગ્ય રીતે થાય,
અધ્યયન નિષ્પત્તિ સિધ્ધ થઈ છે કે નહીં તેની જાણ થાય

**કાર્યપધ્ધતિનું વર્ણન :** આ નવતર પ્રયોગ ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓ પર કરવામાં આવેલ છે. આ ઇનોવેશન અંતર્ગત રચનાત્મક મૂલ્યાંકન યોગ્ય રીતે થાય તે હેતુથી નક્કી કરેલ અધ્યયન નિષ્પત્તોની GOOGLE QUIZ લેવામાં આવે છે.વિદ્યાર્થીઓ GOOGLE QUIZ આપતાની સાથે જ તેમના ગુણ એક google sheet માં આવી જાય છે. Google sheet માંથી આ ગુણ અન્ય એક શીટમાં જાય છે જ્યાં.તેમણે મેળવેલ ગુણના આધારે રચનાત્મક મૂલ્યાંકન પત્રકમાં X,?,✓ ની નિશાની આપો આપ થઈ જાય છે તેમજ તેને આધારે ગુણની ગણતરી પણ થાય છે

**મૂલ્યાંકન :** વિદ્યાર્થીઓના મૂલ્યાંકનના ગુણ વિદ્યાર્થી અને શિક્ષક બંનેને મળતાં હોવાથી વિદ્યાર્થી પોતાનાથી થયેલી ભૂલ જાતે જ સમજી શકે છે. -જે તે activity કરવાયા પછી તરત જ તેનું મૂલ્યાંકન થતું હોવાથી તરત જ તેની નોંધ રચનાત્મકપત્રકમાં થતાં તે auto update થાય છે જેથી રચનાત્મક મૂલ્યાંકન પત્રક અધ્યયનની સાથે update થતું રહે છે.

**પરિણામ :** - **Google quiz** દ્વારા મૂલ્યાંકન થતું હોવાથી વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક કસોટી આપે છે.
-વિદ્યાર્થીઓના મૂલ્યાંકનના ગુણ વિદ્યાર્થી અને શિક્ષક બંનેને મળતાં હોવાથી વિદ્યાર્થી પોતાનાથી થયેલી ભૂલ જાતે જ સમજી શકે છે.
-જે તે **activity** કરવાયા પછી તરત જ તેનું મૂલ્યાંકન થતું હોવાથી તરત જ તેની નોંધ રચનાત્મકપત્રકમાં થતાં તે **auto update** થાય છે જેથી રચનાત્મક મૂલ્યાંકન પત્રક અધ્યયનની સાથે **update** થતું રહે છે.
-રચનાત્મક મૂલ્યાંકનમાં આત્મલક્ષીતા ઘટે છે.

**ઉપયોગિતા**
- રચનાત્મક મૂલ્યાંકન યોગ્ય રીતે થાય છે.
- રચનાત્મક મૂલ્યાંકનમાં અધ્યયન નિષ્પત્તિનું મૂલ્યાંકન યોગ્ય રીતે થાય છે.
- શિક્ષકને પણ મૂલ્યાંકન તેમજ પત્રક ભરવામાં સરળતા રહે છે.
- વિદ્યાર્થીને પણ પોતાના જે તે અધ્યયન નિષ્પત્તિના ગુણ જાણવા મળે છે.

**વર્તમાન સ્થિતિ :**

ઇનોવેશન continue છે.

ફોટોગ્રાફ વીડિયો લીંક યુ આર કોડ નવતર પ્રયોગ ની પ્રક્રિયા નો વિડીયો

**ઈનોવેશનનું નામ :** ગમ્મત સાથે ગણિત

**ઈનોવેટરનું નામ :** મોરી હરપાલસિંહ દીપસંગભાઈ **હોદ્દો :** મ.શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી પે.સેન્ટર શાળા નં.૩ **કલસ્ટર/ક્યુડીસી :** સાયલા-૩

**મો. નંબર :** ૯૭૨૭૦૮૪૩૫૮ **ઈ-મેઈલ આઈડી :** moriharpalsinh791@gmail.com



**નવતર પ્રયોગની કેટેગરી :** સાંપ્રત પ્રવાહો, FLN, નિપુણ ભારત

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુન ૨૦૨૨ થી

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** ૧ વર્ષ ૩ માસ

**સમસ્યા ઉદ્ભવના કારણો :**

ગણિત વિષયનો મહાવરો ઓછો હોવાથી. બાળકો ગણિત વિષય પ્રત્યે અરુચી ધરાવે છે વિષયમાં કચાશ આવે છે કચાસ ના કારણે વિષયનું જ્ઞાન ઓછુ રહે છે. ધીમે ધીમે તે વિષય અઘરો લાગવા લાગે છે

**હેતુઓ :**

- ❖ બાળકની ગણિત વિષય પ્રત્યે રુચિ વધે.
- ❖ બાળકની જિજ્ઞાસા વૃત્તિ વધે
- ❖ બાળક વહેવારુ કોયડા ઉકેલતા શીખે.
- ❖ બાળકને વિષય પ્રત્યે અભિરુચિ વધે.

**કાર્યપદ્ધતિનું વર્ણન :** વિવિધ ગણિતના TLM, ગણિત વિષય વિદ્યાર્થીને ટીએલએમ નો ઉપયોગ કરી શીખવવામાં આવતો. ટીએલએમ વિદ્યાર્થીને જાતે આપી તેનું પુનરાવર્તન કરવામાં આવતું વિદ્યાર્થી તેની મદદથી વિવિધ ટી એલ એમ બનાવતા અને રસપૂર્વક અભ્યાસ કરતા હતા એફ એલ એન અને નિપુણ ભારત અંતર્ગત અધ્યયન નિષ્પતિ આધારિત ગણિત વિષય શીખવવામાં આવે છે

**મૂલ્યાંકન :** વિવિધ પ્રવૃત્તિ દ્વારા વિવિધ રમતો દ્વારા વિદ્યાર્થી કેટલું જ્ઞાન મેળવે છે. તે દર 15 દિવસે મૂલ્યાંકન કરવામાં આવે છે. બાળક આગળ કેટલું શીખ્યા બાળક ની કચાસ ના આધારે બાળક ની સ્થિતિ જાણવા આવે છે.

**પરિણામ :**

- ❖2021/22 માં કોરોના ના કારણે ગણિત વિષય પ્રત્યે 80%બાળકો રસ ધરાવતા ન હતા.
- ❖આ નવતર પ્રયોગથી હાલના હાલ શાળાના 90%વિદ્યાર્થી રસ પૂર્વક ગણિત વિષય શીખે છે.

**ઉપયોગિતા** ધોરણ 1 થી 5 ના તમામ વિદ્યાર્થીઓને લાગુ પાડી શકાય છે. વિદ્યાર્થી ને વિવિધ પ્રવૃત્તિ અને વિવિધ ટીએલએમનો ઉપયોગ કરવાથી બાળક સરળતાથી યાદ રાખી શકે છે બાળક જાતે ટીએલએમ નો ઉપયોગ કરી પુનરાવર્તન કરી શકે છે. જેથી વારંવાર પુનરાવર્તન કરાવવાથી બાળક ગણિત જેવા અઘરા વિષય પણ સરળતા થી રસ લઇ શીખી શકે છે.

**વર્તમાન સ્થિતિ :**

બધા વિદ્યાર્થી ગણિત વિષય રસ પૂર્વક શીખતા થયા છે.

**ઈનોવેશનનું નામ :** Let's do it, learn it

**ઈનોવેટરનું નામ :** ગિરીશકુમાર ઝવેરભાઈ રાઠોડ **હોદ્દો :** મ. શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** જુના જસાપર પ્રા. શાળા **કલસ્ટર/ક્યુડીસી :** સાયલા - ૨

**મો. નંબર :** ૯૭૨૩૧૮૮૫૩૧ **ઈ-મેઈલ આઈડી :** gjrathod83@gmail.com



**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુલાઈ ૨૦૨૩ થી

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** વર્ષ ૨૦૨૩

**સમસ્યા ઉદ્‌ભવના કારણો :** અંગ્રેજી વિષય પ્રત્યે સામાન્ય રીતે વિદ્યાર્થીઓમાં અણગમો જોવા મળતો હોય છે. આ નવતર પ્રયોગની શરૂઆત વર્ષ 2023'24માં જુલાઈ મહિનામાંપ્રથમસત્ર થી કરવામાં આવી. વિદ્યાર્થીઓ રસરુચિપૂર્વક ધ્યાન આપે તો અંગ્રેજી વિષયમાં પણ આનંદ દાયક માહોલ આપી શકાય છે. આ બાબતોને ધ્યાને લઈ વિવિધ મોડેલ દ્વારા જે તે મુદ્દાનો અભ્યાસ કરે તેવું આયોજન કર્યું.

**હેતુઓ :**
- બાળકોને અંગ્રેજી વાંચન કરવાની પ્રેરણા મળે.
- બાળકો ક્રિયા દ્વારા શિક્ષણ મેળવે.
- પ્રત્યેક વિદ્યાર્થી પ્રવૃતિમય બને.
- અંગ્રેજી ભાષા શિક્ષણ રુચિપૂર્ણ બને.

**કાર્યપદ્ધતિનું વર્ણન :**

અંગ્રેજી વિષયના વિવિધ મોડેલ દ્વારા જેમાં વિદ્યાર્થીઓ જાતે ક્રિયા દ્વારા જે તે મુદ્દાનો અભ્યાસ કરેતેવું આયોજન કર્યું. અંગ્રેજી વિષયના તાસ તેમજ અન્ય સમયે વિદ્યાર્થીઓને અંગ્રેજી મોડેલ આપી માર્ગદર્શકની ભૂમિકામાં રહી શીખવવાનું શરુ કર્યું. વિદ્યાર્થીઓ જાતે ક્રિયા દ્વારા શીખતા થયા તેના કારણે તેઓ રસપૂર્વક પ્રવૃતિમાં ભાગ લેતા થયા.

**મૂલ્યાંકન :**

અંગ્રેજીના મોડેલની મદદથી વિદ્યાર્થીઓ સરળ નાના વાક્યો રજુ કરતા થયા. પોતાના પર્યાવરણમાં જોવા મળતા અંગ્રેજીના કેટલાક શબ્દો, સરળ નાના વાક્યો વગેરેનું વાંચન કરતા થયા. વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષય પ્રત્યે રસપૂર્વક ધ્યાન આપતા થયા.

**પરિણામ :**

મારી શાળામાં ધોરણ ૬ માં કુલ ૯૭ વિદ્યાર્થીઓ છે જેમાં ૪૩.૨૯% જેટલો સુધારો જોવા મળેલ છે.એજ પ્રમાણે ધોરણ ૭ માં કુલ ૮૪વિદ્યાર્થીઓ છે જેમાં ૫૩.૫૭% જયારે ધોરણ ૮ માં કુલ ૮૫ વિદ્યાર્થીઓ છે જેમાં ૪૪.૭૦% વિદ્યાર્થીઓમાં સુધારો જોવા મળેલ છે.

**ઉપયોગિતા**

વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષય પ્રત્યે રસ લેતા થયા વિદ્યાર્થીઓ પોતાની આસપાસના પર્યાવરણમાં જોવા મળતા અંગ્રેજીના કેટલાક શબ્દો, સરળ નાના વાક્યો વગેરે વાંચતા થાય છે. અંગ્રેજી વિષય માટેની કેટલીક અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ કરવામા સહાયરુપ થાય છે. વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વિષય માટેનો આત્મવિશ્વાસ જોવા મળે.

**વર્તમાન સ્થિતિ :**

વર્તમાન સ્થિતિમાં સમયાંતરે અંગ્રેજીના મોડેલ દ્વારા બાળકો અભ્યાસ કરે છે, મહાવરો કરે છે. વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળે છે તેમજ કાર્ય દ્વારા શીખી એની સંકલ્પના સિદ્ધ કરતા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો જોવા મળે છે.

**ઈનોવેશનનું નામ :** મારો જન્મ દિવસ, મારું વૃક્ષ

**ઈનોવેટરનું નામ :** મુકેશભાઈ ધીરુભાઈ ધોળિયા **હોદ્દો :** મ.શિક્ષક **વિભાગ :** માધ્યમિક

**શાળાનું નામ :** મોડેલ ડે સ્કૂલ વાંટાવચ્છ **કલસ્ટર/ક્યુડીસી :** સુદામડા

**મો. નંબર :** ૮૧૪૧૯૫૯૮૧૬ **ઈ-મેઈલ આઈડી :** mukeshdhoriya99@gmail.com



**નવતર પ્રયોગની કેટેગરી :** પર્યાવરણ જાગૃતિ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** સામૂહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુલાઈ ૨૦૨૩

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** ૧૦ વર્ષ

**સમસ્યા ઉદ્‌ભવના કારણો :** શાળાપરિવારમાંવૃક્ષનીઅછતહોવીઅનેવિદ્યાર્થીઓમાં વૃક્ષારોપણ તેમ જ ગ્લોબલવોર્મિંગ વિશે જાગૃતતા ની આદત પડે

**હેતુઓ :** વિદ્યાર્થીઓ વૃક્ષારોપણ કરતા થાય. વૃક્ષ વાવી તેનું જતન કરતાં. વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાય.

**કાર્યપદ્ધતિનું વર્ણન :** અમારી સ્કૂલમાં અભ્યાસ સાથે સાથે પ્રવૃત્તિ કરવામાં આવે છે. જેમાં દરેક વિદ્યાર્થીઓ પોતાના જન્મ દિવસ નિમત્તે એક વૃક્ષ વાવવામાં આવે છે. જેથી અમારી સ્કૂલમાં 500 થી વધારે વૃક્ષો જોવા મળે છે. વૃક્ષોથી સ્કૂલનું વાતાવરણ ખુબ જ સરસ છે. પ્રકૃતિને સાથે જીવન જીવતા હોય તો અનુભવ થાય છે. <u>વૃક્ષની માવજત :</u> -વૃક્ષને પાણી પાવું -વૃક્ષને છાણીયું ખાતર નાખવું -વૃક્ષની નુકશાન ન થાય તે માટે કાંટાની વાડ કરવી. -વૃક્ષની સમયસર દેખરેખ રાખવી.

<u>વિદ્યાર્થીઓ અને વૃક્ષ સાથે સંબંધ :</u> -વૃક્ષથી સ્કૂલનું વાતાવરણ ખુબ સારું રહે છે. -વૃક્ષને વાવ્યા પછી તેને નાનું હોય ત્યાંથી મોટું થાય ત્યાં સુધી એને માવજત કરી તેનું ફળ તે છાયા તરીકે મેળવે છે. -આ પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓ પોતાની જવાબદારીથી ભાન થાય છે. -આ પ્રવૃતિથી વિદ્યાર્થીઓ વૃક્ષનું મૂલ્ય અને જતન કરવું તે આ પ્રવૃત્તિઓથી શીખી શકાય છે. <u>વૃક્ષોનું પ્રમાણ :</u> -જ્યારે સ્કૂલની શરૂવાત કરવામાં આવી હતી ત્યારે અમારી સ્કૂલમાં ઘણા ઓછા વૃક્ષો હતા પણ આ પ્રવૃત્તિથી અમારી સ્કૂલમાં વર્તમાનમાંવૃક્ષોનું પ્રમાણ પણ વધ્યું છે. -ઘણા વૃક્ષો મોટા પણ થયા છે જે સ્કૂલના સમય દરમિયાન વિદ્યાર્થીઓને બેસવામાં માટે પણ ઉપયોગી બને છે. -ચોમાસા દરમિયાન વૃક્ષો વાવવામાં આવે છે. જેનાથી અમારી સ્કૂલમાં વક્ષો ખૂબ વધતા જાય છે.

**મૂલ્યાંકન :**

-<u>પર્યાવરણનું મહત્વ સમજ્યા</u> -<u>વૃક્ષો ના ફાયદા જાણ્યા.</u> -<u>મહેનતનો ગુણ વિકસ્યો.</u>

**પરિણામ :**

શાળાને શરૂઆતમાં લગભગ 50 વૃક્ષ હતા હાલની સ્થિતિમાં 500થી વધુ વૃક્ષો અને છોડ શાળા પરિસરમાં શોભી રહ્યા છે.

**ઉપયોગિતા**

આ નવતર પ્રયોગ દ્વારા વિદ્યાર્થીઓમાં વૃક્ષોની વાવવું અને તેનું જતન કરતાં શીખ્યા છે જેથી શાળા પ્રેશરમાં ખુશનુમાં અને તાજી અનુભવ કરાવે છે તેમાં શાળા પરિશ્રમમાંઓક્સિજનનું પ્રમાણ પણ વધી રહ્યું છે

**વર્તમાન સ્થિતિ :**

ઈનોવેશનનું નામ : સરળતાથી સંખ્યાજ્ઞાન

ઈનોવેટરનું નામ : દેરાસરી ગાયત્રીપ્રસાદ રમેશચંદ્ર  હોદ્દો : મ. શિક્ષક  વિભાગ : પ્રાથમિક

શાળાનું નામ : શ્રી નવાગામ(થાન) પ્રા. શાળા  ક્લસ્ટર/ક્યુડીસી : તરણેતર

મો. નંબર : ૯૭૨૫૮૬૧૭૧૬  ઈ-મેઈલ આઇડી : kapilderasari@gmail.com



નવતર પ્રયોગની કેટેગરી : સાંપ્રત પ્રવાહો(FLN)

નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યકિતગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : જુન ૨૦૨૨ થી

નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો : ૧ વર્ષ

**સમસ્યા ઉદ્‌ભવના કારણો :**

ધોરણ ૧ થી 3 ના બાળકોને ૯૯૯૯ સુધી સંખ્યાજ્ઞાનમાં દશકસ્થાનને આધારે સંખ્યા ઓળખમાં ખૂબ મુશ્કેલી થઈ રહી હતી (જેમ કે 14 ને 24 કહી દે અથવા તો 45 ને 35 કહી દે) અથવા તો અત્યંત ધીમી ગતીએ શીખતાં હતા.અને સંખ્યાજ્ઞાનમાં આગળ વધી શકતા ન હતા.

**હેતુઓ :** ધોરણ ૧ થી 3 ના બાળકો ૯૯૯૯ સુધી સંખ્યાજ્ઞાન શીખે, સંખ્યા ઓળખે અને તે મુજબ ગાણિતિક ક્રિયાઓ કરી શકે.

**કાર્યપદ્ધતિનું વર્ણન :**

આ પ્રયોગ અંતર્ગત સૌ પ્રથમ ૧ થી ૯૯૯૯ સુધી સંખ્યાજ્ઞાનને ૧ થી ૫ , ૬ થી ૧૦ , ૧ થી ૧૦, ૧૧ થી ૨૦ , ૨૧ થી ૩૦ એમ વિવિધ એકમોમાં વિભાજીત કરવામાં આવ્યા અને તે મુજબ ક્રમ નંબર ૧ થી ૩૬ સુધીનાં ક્રમિક કાર્ડ તૈયાર કરવામાં આવ્યા. આ કાર્ડમાં બાળક એકમ મુજબ ક્રમિક આગળ વધે અને સંખ્યાજ્ઞાન મેળવે તથા ખાસ કરીને વિશેષ બાબત એ છે કે નજીક – નજીક ના એકમોનાં કાર્ડને એવી રીતે જોડવામાં આવ્યા છે કે અગાઉનાં એકમોમાં શીખેલી બાબતોનું પુનરાવર્તન અને મહાવરો થાય અને નવા એકમ શીખતા જાય અને એક સાથે વધુ એકમો શીખવાનું ભારણ ન લાગે. આ કાર્ડને એકમ વાઇઝ વર્ગમાં ઘોડામાં ગોઠવવામાં આવ્યા છે જેથી બાળકો જાતે લઇને શીખી શકે અને મહાવરો કરી શકે.

**મૂલ્યાંકન :** આ પ્રયોગમાં તૈયાર કરવામાં આવેલા કાર્ડમાં થોડાક કાર્ડ પછી મૂલ્યાંકન માટે કાર્ડ આપેલ છે જેને આધારે બાળકોએ શીખેલી બાબતોનું આ પ્રયોગ અંતર્ગત સાહજિકતાથી મૂલ્યાંકન થઈ જાય છે. બાળક તે કાર્ડ સિદ્ધ કરે પછી જ આગળ વધી શકે છે.

**પરિણામ :**

શૈક્ષણિક વર્ષ **2022-2023** માં ધોરણ **2** માં કુલ **41** બાળકો હતા તેમાંથી વર્ષના અંતે **25** બાળકો ૯૯૯૯ સુધી, બીજા **5** બાળકો ૯૯૯ સુધી અને **3** બાળકો ૯૯ સુધી સંખ્યાજ્ઞાન શીખી ગયા.એટલે એમ કહીશકાય કે આપ્રયોગને એકંદરે **80%** જેટલી સફળતા મળી.

**ઉપયોગિતા**

આ પ્રયોગ ગુજરાત રાજ્યના કોઈપણ પ્રાથમિક શાળાના ધોરણ **1** થી **3** ના વિદ્યાર્થીઓ માટે કોઈપણ શિક્ષક ઉપયોગમાં લઈ શકે છે. સાથે સાથે અન્ય રાજ્યના શિક્ષકો પણ ત્યાંની સ્થાનિક ભાષામાં આ પ્રયોગ અમલમાં મૂકી શકે છે.

**વર્તમાન સ્થિતિ :**

હાલમાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં **(2023-2024)** ધોરણ **1** અને **2** નાબાળકોમાટે મારી શાળા (શ્રીનવાગામથાનપ્રા. શાળા) માં આ પ્રયોગ ચાલુ છે.



**ઈનોવેશનનું નામ :** ICT દ્વારા પુસ્તકાલય સંચાલન

**ઈનોવેટરનું નામ :** પાઠક સંદિપકુમાર ચંદુભાઈ **હોદ્દો :** મુખ્ય શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી નવાગામ(થાન) પ્રા. શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** તરણેતર

**મો. નંબર :** ૬૩૫૨૩૫૮૩૦૨ **ઇ-મેઈલ આઇડી :** sandippathak89@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો ઉપયોગ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૦૫/૦૩/૨૦૨૩

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** કાર્યરત

## સમસ્યા ઉદ્ભવના કારણો :

શાળા વિકાસ યોજનામાં દર વર્ષે ચાર શિક્ષક ભાઈ બહેનોને પુસ્તકાલયની કામગીરી સોંપવી પડતી શાળાની વધુ પડતી સંખ્યાને લીધે આ કામ કંટાળાજનક લાગતું.જેથી આ સમસ્યાનું નિરાકરણ ખૂબ જ જરૂરી હતું

## હેતુઓ :

આખા વર્ષ દરમિયાન ચાર શિક્ષકોના સમયનો બચાવ બાળકો ટેકનોલોજીનો ઉપયોગ કરે પુસ્તકાલય સંચાલનનું સરળીકરણ બાળકો દ્વારા આઈસીટીના માધ્યમથી પુસ્તકાલય સંચાલન

## કાર્યપદ્ધતિનું વર્ણન :

ઇનોવેશનનો ઉપયોગી સામગ્રી: લેપટોપ, પ્રોજેક્ટર, પુસ્તકો, સ્ટીકર ઇનોવેશન કાર્યપદ્ધતિ : સૌપ્રથમ શાળા પુસ્તકાલયના તમામ પુસ્તકોને સફેદ સ્ટીકર લગાવી,ક્રમ નંબર આપવામાં આવ્યા તે પુસ્તકોની યાદી શાળાના સ્વનિર્મિત સોફ્ટવેરમાં લખી,શાળાના તમામ વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ આઈડી આપવામાં આવ્યા.પુસ્તકનો નંબર તથા સ્ટુડન્ટ આઈડી નાખતા તરત જ પુસ્તકનું નામ અને વિદ્યાર્થીનું નામ આવી જશે.વર્ષો વર્ષ શિક્ષકે કે વિદ્યાર્થીએ કેટલા પુસ્તકો વાંચ્યા તેની યાદી એક જ ક્લિકથી મળી જશે

## મૂલ્યાંકન :

બાળકોને રૂબરૂ બોલાવી વિદ્યાર્થીઓ દ્વારા જ પુસ્તકોનું વિતરણ જેના આધારે સોફ્ટવેરનું મૂલ્યાંકન તથા વર્કિંગ પ્રોસેસ કરી શકાય

## પરિણામ :

આખા વર્ષ દરમિયાન ચાર શિક્ષકોના સમયનો બચાવ ગુણોત્સવ માટે પણ ખૂબ જ ઝડપી અને ઉપયોગી ઇનોવેશન બાળકો દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ ઈનોવેશન પૂર્વે આ કામ શિક્ષકો માટે કંટાળાજનક હતું

## ઉપયોગિતા

સમગ્ર ગુજરાત રાજ્યની શાળાઓ માટે ઉપયોગી બનશે અત્યાર સુધી 70 થી વધુ શાળાઓના સોફ્ટવેર વિનામૂલ્ય પહોંચાડી શકાયું છે

## વર્તમાન સ્થિતિ :

બાળકો ટેકનોલોજીનો ઉપયોગ કરી પુસ્તકાલય સંચાલન ખૂબ જ સરળતાથી કરી રહ્યા છે



**ઈનોવેશનનું નામ :** **'ચાલ, ભેરૂ આગળ વધ!'**

**ઈનોવેટરનું નામ :** રીનાબા મહેન્દ્રસિંહ ઝાલા **હોદ્દો :** મ. શિક્ષિકા **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી ખાખરાવાળી પ્રા. શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** સી.આર.સી. - ૩

**મો. નંબર :** **ઈ-મેઈલ આઇડી :** rinabamr@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** સાંપ્રત પ્રવાહો(FLN)

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** નવેમ્બર ૨૦૨૨ થી

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** હાલ પણ પ્રયોગ શરૂ છે.

**સમસ્યા ઉદ્‌ભવના કારણો :** અનેકવિધ શૈક્ષણિક, બિનશૈક્ષણિક કાર્યોની વ્યસ્તતા વચ્ચે FLN કાર્ય માટે પૂરતા સમયનો અભાવ.

**હેતુઓ :**
- ❖ FLN કાર્યને વધારે અસરકારક બનાવવું.
- ❖ વિદ્યાર્થી વડે જ વિદ્યાર્થીને FLN સિધ્ધિ પ્રાપ્ત કરાવવી કરાવવી.
- ❖ રમતા રમતા FLN સિધ્ધ થાય એવા વાતાવરણનું નિર્માણ કરવું.

**કાર્યપદ્ધતિનું વર્ણન :** વિદ્યાર્થીગુરુ : વર્ગના પ્રત્યેક પ્રિય વિદ્યાર્થી માટે એક એક વિદ્યાર્થી ગુરુની નિમણૂક કરવી. વિદ્યાર્થી પ્રગતિ પત્રકમાં વિદ્યાર્થીગુરુઓ પોતાના વિદ્યાર્થી ક્યાં પહોંચ્યા છે તેની ખરું કરીને નોંધ કરશે અને આગળના સ્ટેપની તૈયારી કરાવશે એટલે કે જે નથી આવડતું તે શીખવશે. ચોમાસ શાંતિ શ્રેષ્ઠ ગુરુ અને શ્રેષ્ઠ વિદ્યાર્થીને એના માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. - બાહુબલીFLN સામ્રાજ્ય: વાંચન અને ગણના બાહુબલી સામ્રાજ્યમાં જુદા જુદા આઠ લેવલો આપવામાં આવ્યા છે. જેમ કે ગણનમાં સંખ્યાજ્ઞાનથી શરૂ કરીને ભાગાકાર સુધી 8 લેવલઆપવામાં આવ્યા છે. આગળના લેવલ પસાર કરતા બાળક રાજા તેથી આગળ મહારાજા અને ભાગાકાર શીખી જતા બાહુબલી બનશે. બાળક જે લેવલે પહોંચ્યો છે તે લેવલ પર તેને ધજા ફરકાવશે. પ્રથમ બનેલા બાહુબલીને મોટું ઈનામ તેમજ દરેક બાહુબલીને પ્રોત્સાહન ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવશે. વિદ્યાર્થી પ્રગતિ પત્રક: વાંચન અને ગણના વિદ્યાર્થી પ્રગતિ પત્રક બનાવવામાં આવ્યા છે. જેમાં નવાચન માં કાના વિનાના શબ્દોથી લઈને અઘરા શબ્દો સુધીના ખાના આપવામાં આવ્યા છે જે નથી આવડતું એમાં લાલ સ્તનથી વર્તુળ કરવામાં આવશે લાલ વર્તુળ માની ક્ષિતિ બાળક પ્રાપ્ત કરશે ત્યારે તેને લીલીયા રમતી ઘૂંટી દેવામાં આવશે. પ્રગતિ પત્રક વર્ગમાં જ લગાવેલું રહેશે. જેથી શિક્ષક અને બાળક બંને વિદ્યાર્થી ક્યાં પહોંચ્યો છે તેનાથી સતત માહિતગાર રહેશે. બાળકને પોતાના ખાનામાં vનિશાની કરી લેવાની આતુરતા રહેશે. જેથી તે ઝડપથી અને હોશે હોશે શીખશે. વાંચન પત્રિકા : પ્રગતિ પત્રકમાં ખરાની નિશાની ના મૂલ્યાંકન માટે તેની બાજુમાં જ વિવિધ વાચન પત્રિકાઓ ક્રમવાર આપવામાં આવી છે. આ પત્રિકાઓ ક્રમવાર વાંચીને વિદ્યાર્થી પોતે જે શીખી ગયો છે તેમાં ખરું કરશે. v વિદ્યાર્થીનો સાથી વિદ્યાર્થી કરશે અને તેની સહી પણ કરશે અને તારીખ પણ લખશે શબ્દોમીટર: બાળકની વાંચન ઝડપ વધે હેતુથી શબ્દ મીટર બનાવવામાં આવ્યું છે. બાળકો મિનિટમાં 150 શબ્દો વાંચે તો તેના નામની ધજા બાહુબલી લેવલમાં ફરકાવવામાં આવશે. અહીં પણ સૈનિક રાજા, મહારાજા અને બાહુબલી એમ ચાર લેવલ આપવામાં આવ્યા છે. બાહુબલી બનવા માટે બાળકો એવો છે વાંચનની સુટેવ એવું વિકસાવે છે.

**મૂલ્યાંકન :** મૂલ્યાંકન પ્રક્રિયા વિદ્યાર્થીગુરુ દ્વારા તેમજ વર્ગના સાથી વિદ્યાર્થી દ્વારા કરવામાં આવશે. બાહુબલીનું મૂલ્યાંકન શિક્ષક દ્વારા થશે. ત્યારબાદ પ્રથમ બનેલા બાહુબલી બીજા વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરશે. દરેક બાહુબલી બનેલો વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરશે. શબ્દોમીટરમાં પણ સાથી વિદ્યાર્થી દ્વારા જ મૂલ્યાંકન કરવામાં આવશે.

**પરિણામ :** નવતર પ્રયોગ ના અંતે મારા વર્ગમાં F.L.N વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી છે અને ૮૦ ટકાથી ઉપરFLN સિધ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે. નોંધપાત્ર બાબતે છે કે આ સ્થિતિ માત્ર વિદ્યાર્થીઓ દ્વારા જ પ્રાપ્ત થઈ છે અહીં મારે એક પણ ટકા મહેનત કરવી પડી નથી. સાથે સાથે વર્ગનું વાતાવરણ પણ બાળકને શીખવા માટે આતુર બનાવે એવું બન્યું છે. પ્રયોગ પહેલા ૮૦ ટકાથી ઉપર FLN સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ વર્ગમાં માત્ર ચાર હતા જે હવે 31 થયા છે!

**ઉપયોગિતા** પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક ધોરણ ૧ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓના એફ એલ એન કૌશલ્યના વિકાસ માટે ઉપયોગી.

**વર્તમાન સ્થિતિ :** હાલ પણ વર્ગમાં આ પ્રયોગ શરૂ છે. બાળકો રમતા રમતા અને હોંશે FLN કૌશલ્ય પ્રાપ્ત કરી રહ્યા છે.



**ઈનોવેશનનું નામ :** Learning with Digital Technology

**ઈનોવેટરનું નામ :** પરેશકુમાર ચંદુલાલ સોલંકી **હોદ્દો :** મ. શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી શિયાણી કુમાર પે.સે.શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** શિયાણી

**મો. નંબર :** ૯૭૨૪૭૪૮૧૦૧ **ઇ-મેઈલ આઈડી :** pcsaum@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો ઉપયોગ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૨૧

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** હાલ પ્રોજેક્ટ ચાલુ છે.

## સમસ્યા ઉદ્‌ભવના કારણો :

વિદ્યાર્થીઓને અભ્યાસમાં રસ ઓછો હતો. તેમજ ગણિત-વિજ્ઞાન જેવા વિષયમાં વધુ અરુચિ જોવા મળી. તેમજ પુર્વજ્ઞાનનો અભાવ જોવા મળ્યો. પરિણામે આ નવતર પ્રયોગ નો વિચાર આવ્યો.

## હેતુઓ :

આ નવતર પ્રયોગનો હેતુ વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાન તેમજ અન્ય વિષયમાં રસ વધે તેમજ ટેકનોલોજીથી વધુ માહિતગાર થાય અને અભ્યાસમાં નિયમિતતા વધે.

## કાર્યપધ્ધતિનું વર્ણન :

સૌ પ્રથમ કોમ્પ્યુટરમાં સોફ્ટવેરનો ઉપયોગ કરી વેબપેજ બનાવ્યું, જેમાં ધોરણ ૬ થી ૮ ના વિષય પ્રમાણે એકમનો સમાવેશ કર્યો. જેમાં દરેક વિષયના એકમના વિડીયો ઓનલાઈન કે ઓફલાઈન વિડીયોને લીંક કરવામાં આવ્યા. દરેક એકમ મુજબ કવીઝ ખરા ખોટા, જોડકા બનાવી લીંક આપવામાં આવી.

## મૂલ્યાંકન :

દરેક વિષયના એકમના અંતે એક ક્વીઝ ખરા ખોટા, જોડકા બનાવવામાં આવી છે તેના દ્વારા વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું.

## પરિણામ :

શાળામાં ૬ થી ૮ ના કુલ ૮૪ જેટલા બાળકો છે જેમાંથી શરૂઆતમાં ૩૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લેતા હતાં, ધીમે ધીમે સંખ્યામાં વધારો થતો ગયો. નવતર પ્રયોગના મૂલ્યાંકનમાં કવીઝમાં વધુ સંખ્યામાં ભાગ લેતા થયા, હાલ ૭૦ થી વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લે છે. અગાઉ કરતા પરિણામમાં સુધારો જોવા મળ્યો, તેમજ પ્રશ્નોની તૈયારી કરતાં થયા.

## ઉપયોગિતા

આ નવતર પ્રયોગ માત્ર ૬ થી ૮ ના દરેક વિષય માટે બનાવેલ છે. આનો ઉપયોગ ૬ થી ૮ ના દરેક વિદ્યાર્થીઓ કરી શકે છે. શાળાના કોમ્પુટર લેબમાં ઇન્સ્ટોલ કરવાથી ઓફલાઈન પણ ઉપયોગ કરી શકાય છે.

## વર્તમાન સ્થિતિ :

હાલ નવતર પ્રયોગ શાળાના કોમ્પ્યુટર લેબ, જ્ઞાનકુંજ લેપટોપ તેમજ ટીવી સ્ક્રીનમાં ઉપયોગ કરવામાં આવે છે.



**ઈનોવેશનનું નામ :** રમતાં રમતાં સંખ્યાજ્ઞાન શીખીએ

**ઈનોવેટરનું નામ :** હરિઓમભાઇ ડી. ગોસ્વામી **હોદ્દો :** આચાર્ય **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી રળોલ કુમાર પે.સે.શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** રળોલ

**મો. નંબર :** ૯૯૯૮૫૫૪૧૫૬ **ઈ-મેઈલ આઇડી :** school.snr.limbdi.ralolkumar@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** સાંપ્રત પ્રવાહો(Nipun Bharat Mission)

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુન

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** ૧ વર્ષ

## સમસ્યા ઉદ્‌ભવના કારણો :

૧ વિધ્યાર્થીઓને સંખ્યાજ્ઞાન સમજવામાં પડતી તકલીફ ના કારણે તથા સ્થાન કિમતમાં પડતી તકલીફ
૨. નિપુણ ભારત અંતર્ગત ધોરણ -3 સુધી ૯૯૯૯ સંખ્યાજ્ઞાન શીખવવામાં પડતી તકલીફ ના કારણે ...
રમત દ્વારા સંખ્યાજ્ઞાન આપવું .

## હેતુઓ :

નિપુણ ભારત અંતર્ગત ધોરણ -૧ માં ૯૯ સુધીની સંખ્યા તથા ધોરણ ૨ માં ૯૯૯ સુધીની સંખ્યા શીખવવા માં તથા ધોરણ -3 માં ૯૯૯૯ સુધીની સંખ્યા શીખવવામાં પડતી મુશ્કેલી ના કારણે સરળતા થી શીખવવા માટે વિધ્યાર્થી રમતાં રમતાં સંખ્યાજ્ઞાન મેળવે તે હેતુથી આ નવતર પ્રયોગ કરવામાં આવેલ છે.

## કાર્યપધ્ધતિનું વર્ણન :

આ ઇનોવેશન માં સંખ્યાપટ્ટી બનાવવામાં આવી છે. જેમાં લાકડા ની પટ્ટીનું સ્ટેન્ડ બનાવી ,તેમાં નીચે હુકમાં વિધ્યાર્થી સંખ્યાકાર્ડ ભરાવાશે તથા તેનું વાચન કરશે અને તે મુજબ ઉપર મણકા પણ ભરાવાશે તથા સંખ્યાજ્ઞાન બોર્ડ બનાવવામાં આવેલ છે તે લાકડાના પાટીયા પર એકમ,દશક,સો,હજાર ના ખાના બનાવી તથા તે મુજબ 0 થી ૯ ના અંક કાર્ડ બનાવવામાં આવ્યા છે .તથા સ્થાનકિમત બોર્ડ બનાવવામાં આવ્યું છે. જેમાં બોર્ડ પર કાર્ડશીટ લગાવી તેમાં ગોળ વર્તુળ દોરી એકમ,દશક,સો,હજાર લખવામાં આવ્યા છે .તેમાં કૂકરી નાખી રમત દ્વારા અંકનું સ્થાન જાણશે .તથા સ્થાનકિમત નો ખ્યાલ મેળવશે.

## મૂલ્યાંકન :

આ નવતર પ્રયોગ દ્વારા ધોરણ-૧ થી 3 ના વિધ્યાર્થી ઓને ધોરણ-૧ માં ૯૯ સુધીનું સંખ્યાજ્ઞાન તથા ધોરણ-૨ માં ૯૯૯ સુધીનું સંખ્યાજ્ઞાન તથા ધોરણ-3 માં ૯૯૯૯ નું સંખ્યાજ્ઞાન સરળતાથી શીખવી શકાય છે.વિધ્યાર્થી સંખ્યાજ્ઞાન પટ્ટી તથા સંખ્યાજ્ઞાન દ્વારા રમતાં રમતાં શીખશે.

## પરિણામ :

આ નવતર પ્રયોગ પૂર્વ વિધ્યાર્થી ધોરણ -૧,૨,3 માં સંખ્યાજ્ઞાન સમજાવવા માં મુશેલી અનુભવતા હતા .જે આ નવતર પ્રયોગ દ્વારા રમતાં રમતાં સરળતા થી સમજતા તથા શીખતા થયા છે તથા સંખ્યા નું સ્થાન વિશે જાણતા થયા છે.

## ઉપયોગિતા

આ નવતર પ્રયોગ ધોરણ-૧ થી 3 ના વિધ્યાર્થીઓને લાગુ પાડી શકાશે તથા ધોરણ-૧ થી ૪ માં ગણિત વિષયમાં પણ વિધ્યાર્થીને શીખવવામાં લાગુ પાડી શકાયા છે .

## વર્તમાન સ્થિતિ :

હાલમાં આ નવતર પ્રયોગ ચાલુ છે. જે દ્વારા વિધ્યાર્થી ને જુથમાં સંખ્યાજ્ઞાન શીખવવામાં આવે છે .

**ઈનોવેશનનું નામ :** એક્રોસ્ટીક વર્ડ



**ઈનોવેટરનું નામ :** પટેલ રિંપલબેન ભરતભાઇ **હોદ્દો :** મ. શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** ધવલાણા પ્રા. શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** નાની કઠેચી

**મો. નંબર :** ૮૧૪૧૮૪૦૫૭૫ **ઈ-મેઈલ આઈડી :** rimpalpatel1503@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ડિસેમ્બર ૨૦૨૨

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :**

**સમસ્યા ઉદ્‌ભવના કારણો :**

ધોરણ 5 માંથી ધોરણ -6 માં આવતા વિધાર્થીઓ માટે વિજ્ઞાન એક જાણીતો છતાં નવો વિષય બને છે. વિધાર્થીઓમાં વૈજ્ઞાનિક વિચારસરણી અને અર્થગ્રહણ કેળવવામાં તકલીફ જણાઈ. વિજ્ઞાન વિષય અઘરો છે તેવી તેમની માનસિકતા જણાઈ.

**હેતુઓ :** 1–વિધાર્થીઓ વિજ્ઞાન વિષયમાં રસ કેળવે 2--વિજ્ઞાનના અઘરા/અગત્યનાં શબ્દો શીખે/સમજે
3-- વૈજ્ઞાનિક વિચારસરણી/આર્થગ્રહણ કરતા થાય. 4--ગમ્મત સાથે પૂર્વતૈયારી કરે.
5--વિજ્ઞાન વિષયમાં વ્યાખ્યા /સંકલ્પના સ્પષ્ટ થાય.

**કાર્યપદ્ધતિનું વર્ણન :** જે પાઠ શરૂ કરવાનો હોય તેની પૂર્વ તૈયારીના ભાગરૂપે વિધાર્થીઓ પાઠના નામને ઉભુ લખશે.

*આ નામનાં એક એક અક્ષરને અનુરૂપ પાઠમાંથી યોગ્ય અર્થ સાથેનો શબ્દ શોધશે અને તે અક્ષરની બાજુમાં જે તે શબ્દ લખશે.

*જ્યારે વિધાર્થીઓ શબ્દ શોધે ત્યારે એક અક્ષરને અનુરૂપ બે કે તેથી વધુ શબ્દો પણ મળી શકે છે.

*વિધાર્થી જ્યારે કોઈ શબ્દ વર્ગખંડ સમક્ષ જણાવે ત્યારે તે શબ્દ વિશેની પ્રાથમિક સમજ મારા દ્વારા સહજ રીતે અપાય છે.

*આમ કરવાથી વિધાર્થી પાઠથી પરિચિત થાય છે.

*પ્રયોગ/પ્રવૃત્તિ ની સાથે સાથે વિધાર્થીઓ આ પ્રવૃત્તિમાં પણ ખૂબ જ ઉત્સાહથી જોડાયા તથા શબ્દ શોધ દરમિયાન તેમની એકાગ્રતા પણ વધી.

**મૂલ્યાંકન :**

આ નવતર પ્રયોગમાં વિધાર્થીઓનો વધતો જતો ઉત્સાહ જ તેનું સ્વયંમૂલ્યાંકન દર્શાવે છે. ઉપરાંત વિદ્યાર્થીઓ સાથે થતી મૌખિક પ્રશ્નોતરી દરમિયાન જે તે શબ્દની તે યોગ્ય સમજ આપી શકે છે (ખાસ: વ્યાખ્યા)

**પરિણામ :** એકમ કસોટીમાં મેળવેલ પરિણામનો તફાવત

| તારીખ | ધોરણ | વિષય | હા. સંખ્યા | 61-80% | 80% up |
|---|---|---|---|---|---|
| 31/12/2022 | 6 | વિજ્ઞાન | 25 | 8 | 2 |
| 18/3/2023 | 6 | વિજ્ઞાન | 26 | 5 | 3 |
| 11/2/2023 | 7 | વિજ્ઞાન | 20 | 5 | 1 |
| 22/7/2023 | 8 | વિજ્ઞાન | 20 | 4 | 3 |

**ઉપયોગિતા** આ નવતર પ્રયોગ ધોરણ 6 થી 8 નાં વિદ્યાર્થીઓ માટે લાગુ પાડી શકાશે. વિજ્ઞાન ઉપરાંત ગણિત વિષય માટે પણ તે લાગુ પાડી શકાય.

**વર્તમાન સ્થિતિ :** હાલ આ નવતર પ્રયોગ ધલવાણા પ્રાથમિક શાળાનાં ધોરણ 6 થી 8માં વિજ્ઞાન વિષય માં શરૂ છે. ભવિષ્યમાં ગણિત માટે પણ તેને કાર્યાન્વિત કરવામાં આવશે.



**ઈનોવેશનનું નામ :** પ્રત્યક્ષ માપન દ્વારા વર્તુળના પ્રમયોની સાબિતી આપવી

**ઈનોવેટરનું નામ :** વિજયકુમાર શાંતિલાલ થોરિયા **હોદ્દો :** ઇ. આચાર્ય **વિભાગ :** માધ્યમિક

**શાળાનું નામ :** કું.શિવાંગી એન ઝાલા કન્યા વિ. **કલસ્ટર/ક્યુડીસી :** લીંબડી

**મો. નંબર :** ૮૩૪૭૪૧૬૦૪૧ **ઇ-મેઈલ આઇડી :** shivangizala044@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો ઉપયોગ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૨૩

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** હાલ પ્રોજેક્ટ ચાલુ છે.

## સમસ્યા ઉદ્ભવના કારણો :

વર્ષ ૨૦૨૨-૨૩ માં ધોરણ-૯ ની વાર્ષિક પરિક્ષામાં પુછાયેલ દા.નં-૨૩ આપેલ આકૃતિમાં ABCD ચક્રીય ચતુષ્કોણ છે અને AC અને BD તેના વિકર્ણ છે જો ખૂણો DBC=55 અને ખૂણો BAC = 45 હોય તો ખૂણો BCD શોધો.
દા.નં.-3 ૭ પ્રમેય એકજ વૃતખંડ ના ખુણાઓ સમાન હોય છે.

## હેતુઓ :

વિદ્યાર્થીઓ મોડલ દ્વારા લેસર લાઈટ અને કોણમાપક નો ઉપયોગ કરી વર્તુળના એકજ વૃતખંડના ખુણાઓ એકરૂપ, કેન્દ્ર આગળ આંતરેલ ખૂણા નું માપ બમણું, અર્ધવર્તુળનો અંતર્ગત ખૂણો કાટખૂણો, સમરૂપતા નો ખૂખૂ પ્રમેયોનો મોડલ દ્વારા માપન કરી તેની ચકાસણી કરતા શીખે.

## કાર્યપદ્ધતિનું વર્ણન :

ઇનોવેશનના મોડલ માટે સૌ પ્રથમ 2 X 2 ફૂટના લાકડાનું પાટિયું લઈ તેમાં 25 સેમી માપ લઈ વર્તુળ દોરો અને વર્તુળનો સ્પર્શક દોરો. વર્તુળની જીવા સ્પર્શક સાથે જેટલા માપનો ખૂણો રચે તેટલાજ માપનો ખૂણો વિરુધ્ધ વૃતખંડ રચાય. જીવાના અંત્ય બિંદુ પર લેસર લાઈટ રાખી એકજ વૃતખંડના ખુણાઓ સમાન થાય છે. કેન્દ્ર આગળ ખૂણો બમણો થાય છે. તે પ્રેક્ટીકલ કરી સાબિત કરી શકાય છે અને અર્ધવર્તુળનો અંતર્ગત ખૂણો કાટખૂણો અને ચક્રીય ચતુષ્કોણના સામ સામેના ખૂણા પુરક હોય છે તેમ સાબિત કરી શકાય છે. સમરૂપ ત્રિકોણમાં બે ખૂણા એકરૂપ હોય તો સંગતતા સમરૂપ છે તે પ્રેક્ટીકલ દ્વારા સાબિત કરી શકાય છે.

## મૂલ્યાંકન :

વિદ્યાર્થીઓના સહ્ભાગીથી માપન કરતા થયા, પ્રમેયોનો ઉપયોગ કરી દાખલાઓ સરળતાથી ગણતરી કરતા થયા.

## પરિણામ :

પ્રયોગ ચાલુ છે.

## ઉપયોગિતા

ધોરણ-૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓ વર્તુળના સ્વાધ્યાયમાં પ્રમેય અને દાખલાઓ

## વર્તમાન સ્થિતિ :

હાલ નવતર પ્રયોગ શાળામાં ચાલુ છે.



**ઈનોવેશનનું નામ :** રમકડા દ્વારા પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન.


**ઈનોવેટરનું નામ :** ડો. દિપકકુમાર રતિલાલ મહેતા **હોદ્દો :** મ. શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** જેપર પ્રા.શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** ચુડા-૩

**મો. નંબર :** ૯૮૯૮૭૩૧૯૩૬ **ઈ-મેઈલ આઈડી :** jeparschool.blogspot.com


**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાલોજી આધારિત, સાંપ્રત વિષયો

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુલાઈ ૨૦૨૩ થી

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** જુન ૨૦૨૪

**સમસ્યા ઉદ્‌ભવના કારણો :** શાળામાં ધોરણ ૨ થી ૮ ના બાળકોમાં ભાષામાં મૂળાક્ષરોની ઓળખ ન હોવી, વાંચનમાં થતી ભૂલો. અને ગણિતમાં સંખ્યાજ્ઞાન, સ્થાનકિમત, નાની સંખ્યા, મોટી સંખ્યા, ચડતોક્રમ, ઉતરતોક્રમ, સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકારના દાખલા ન આવડવા, ૧ થી ૧૦ ઘડિયા ભૂલી જવી. વિગેરે બાળકોની મૌખિક, લેખિત અને ક્રિયાત્મક પ્રવૃતિઓ થકી મુલ્યાંકન કરતા ૩૩ જેટલા બાળકોમાં ઉપરોક્ત સમસ્યા ધ્યાને આવતા.

**હેતુઓ :** 1. રમતા રમતા સ્થાન કિંમત સમજે. 2. અંક 1 થી ૯ સુધી સંખ્યાજ્ઞાન વિકસે. 3. 10 થી ૧૯ સુધી સંખ્યા જ્ઞાન વિકસે. 3. 100 થી ૧૯૯ સુધીની સંખ્યા જ્ઞાન વિકસે. 4. તર્કશક્તિ વિકસે. 5. સર્જનાત્મક ખ્યાલ કેળવાય. ૬. એકમ, દશક અને સો ના સ્થાન જાણતા થાય. ૭. નાની-મોટી સંખ્યાજ્ઞાન વિકસે. ૮. એકીસંખ્યા- બેકી સંખ્યાજ્ઞાન વિકસે. ૯. અવિભાજ્ય સંખ્યાની સમજ કેળવાય. ૧૦. ગણિતની મોટાભાગની ક્રિયાઓમાં ,શીખવવામાં ઉપયોગી. ૧૧. મૂળાક્ષરો અને શબ્દોની સમજ માટે ઉપયોગી બને. વિગેરે. 1૨. શિક્ષકને અધ્યયન નિષ્પતિ સિદ્ધ કરવામાં ખૂબ ઉપયોગી બનશે.

**કાર્યપદ્ધતિનું વર્ણન :** આ નવતર પ્રયોગમાં વિવિધ ૧૦ રમકડા બનાવવામાં આવેલ છે. ૧. શબ્દ અને સંખ્યાની પઝલ. ૨. મૂળાક્ષર પરથી શબ્દચક્ર. ૩. જાદુઈ લાકડી. ૪. ૦ થી ૧૦ સુધીની ઘડીયાની રચના. ૫. લખોટી નાખો અને અંક/સંખ્યા જાણો. ૬. પેન્સિલ ફેરવો ચડતો-ઊતરતોક્રમ રમત. ૭. સ્થાન ફેરવો સ્થાનકિંમત રમત. ૮. મૂળાક્ષારો પરથી શબ્દ નિર્માણ. ૯. અંક અને શબ્દ રમત, ૧૦. સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર. ૧૧.જાતે ગણિતના દાખલા શીખો.

**મૂલ્યાંકન :** આ ઇનોવેશનમાં **મૌખિક પ્રશ્નોતરી, લેખિત કસોટી, ક્રિયાત્મક પ્રવૃતિઓ, રમત, વર્ગીકરણ, અવલોકન, નિરીક્ષણ** વગરે દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

**પરિણામ :** આ ઇનોવેશન વર્ષ ૨૦૨૩માં ઇનોવેશન શરુ થયા પછી ઉત્તર કસોટી, મૌખિક પ્રશ્નોતરી અને પ્રવૃતિઓ/રમતો દ્વારા કસોટીનું પુથ્થકરણ કરતા કુલ ૩૩ બાળકોમાંથી માત્ર ૨૫ સમજ પ્રાપ્ત કરી લીધી. એટલે ૭૬ % પરિણામ પ્રાપ્ત થયેલ છે. બાકીના ૮ બાળકોને પણ શીખવવાનો પ્રયત્ન શરૂ જ છે. આજે પણ આ ઇનોવેશન કાર્યરત છે.

**ઉપયોગિતા** 1. ધોરણ 2 થી ૮ ના બાળકોના ગણિત વિષયમા સંખ્યાજ્ઞાન – એકમ, દશક, સો ની સ્થાન કિંમત બાળક જાણી શકે ઓળખી શકે સમજી શકે અને શીખવામાં ખૂબ ઉપયોગી થઈ શકે. 2. રમતા રમતા બાળક એ ચાર પ્રકારે જુદી જુદી રમત રમાડી શકાય છે. 3. અધ્યયન કાર્ય કરતી વખતે શિક્ષકને સ્થાનકિંમત સમજાવવામાં ખૂબ જ ઉપયોગી નીવડે છે. 4. ખુબ લાંબા ગાળા સુધી ટકાઉ છે. 5. ઇકો ફ્રેન્ડલી હોવાથી પર્યાવરણનું પ્રદૂષણ કરતુ નથી. 6. કોઈ પણ જગ્યાએ સરળતાથી હેર ફેર કરી શકાય છે. 7. તૂટવાની સંભાવના નથી અને આર્થિક રીતે પરવડી શકે તેમ છે. 8. આ કૃતિ ભવિષ્યમાં અપડેટ અને અપગ્રેડ કરી શકાય તેવી છે. 9. જેમ કે, તમે ધારો તો આગળ 4 સ્થાનવાળી બે અન્ય કૃતિ બનાવી શકાય છે. જેમાં હજાર, દશ હજાર, લાખ, દશ લાખ, કરોડ, દસ કરોડ, અબજ, દસ અબજ સુધી. 10. શિક્ષકને અધ્યયન નિષ્પતિ સિદ્ધ કરવામાં ખૂબ ઉપયોગી થશે સાથે ઉપચારાત્મક કાર્ય માં પણ આનો ઉપયોગ કરી શકાય છે. ૧૧. બાલવાટિકા અને ધોરણ ૧ થી ૩ માં સૌથી વધુ ઉપયોગી બનશે.

**વર્તમાન સ્થિતિ :** ખુબ સારી સ્થિતિમાં છે. અને નવતર પ્રયોગના વિવિધ રમકડાઓ આજે પણ કાર્યરત છે.....

**ઈનોવેશનનું નામ :** ENGLISH GRAMMAR WORKING MODEL

**ઈનોવેટરનું નામ :** પરાગ હસમુખરાય દવે **હોદ્દો :** મ. શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી ભાણેજડા પ્રા. શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** ચોકડી

**મો. નંબર :** ૯૫૩૭૩૧૦૦૭૭ **ઈ-મેઈલ આઈડી :** paragdave@gmail.com



**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** સામુહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૪ જુન ૨૦૨૩ થી

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** ઈનોવેશન ચાલુ છે.

## સમસ્યા ઉદ્‌ભવના કારણો :

બાળકો માં અંગ્રેજી વ્યાકરણ નો ડર હોવાથી, બાળકના આત્મવિશ્વાસ અને નિર્ણય શક્તિ માં કચાસ હોવાથી

## હેતુઓ :

બાળક ના આત્મવિશ્વાસ માં વધારો થાય, નિર્ણય શક્તિ માં વધારો, અંગ્રેજી વ્યાકરણ નો ડર દૂર થાય, બાળક સહેલાઇ થી અંગ્રેજી વ્યાકરણ શીખી શેકે. પ્રવૃતિ સાથે ભણવાનું હોવાથી બાળક શાળા એ આવતો થાય.

## કાર્યપધ્ધતિનું વર્ણન :

અંગ્રેજી વ્યાકરણ મોડેલ બનાવવા, કાર્ડ, પ્લાયવૂડ, ફેવિકોલ, સ્કેચ પેન, જેવી સાધન સામગ્રી નો ઉપયોગ થાય છે.

## મૂલ્યાંકન :

લેખિક, મૌખિક, અને ક્રિયાત્મક પ્રક્રિયા દ્વારા મૂલ્યાંકન કરવામાં આવે છે.

## પરિણામ :


ધોરણ ૬ થી ૮ ના ૨૯ બાળકો માથી ૧૭ બાળકો આશરે ૫૯ % જેટલું પરિણામ જોવા મળે છે.

## ઉપયોગિતા

જે બાળક ને અંગ્રેજી વ્યાકરણ માં કચાસ છે તે દરેક બાળક ( ધોરણ ૬ થી ૮) ના તમામ બાળકો જે ગ્રુપ માં કામ કરી મોડેલ દ્વારા સરળતા થી અંગ્રેજી વ્યાકરણ શીખી શકે છે

## વર્તમાન સ્થિતિ :

બાળકો અંગ્રેજી વ્યાકરણ ના પિરિયડ ની રાહ જોઈ ને બેઠા હોય, પ્રવૃતિ સાથે ભણવાનું હોવાથી બાળકો શાળામાં નિયમિત આવે, બાળક જાતે ગ્રુપ માં મોડેલ નો ઉપયોગ કરી ને જાતે જ શીખે



**ઈનોવેશનનું નામ :** સ્વાધ્યાયપોથીના નિર્માણ દ્વારા શિક્ષણ

**ઈનોવેટરનું નામ :** સુરેશભાઈ બાબુભાઈ ધોરિયા **હોદ્દો :** મ. શિક્ષક **વિભાગ :** માધ્યમિક

**શાળાનું નામ :** શ્રી ડો.જે.ડી.કોઠારી મા.શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** ચોકડી

**મો. નંબર :** ૯૨૬૫૫૦૪૩૭૬ **ઈ-મેઈલ આઈડી :** suresh.dhoriya09@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** શૈક્ષણિક મૂલ્યાંકન

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૨૦ થી

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** ચાલુ

**સમસ્યા ઉદ્ભવના કારણો :** મારી શાળાના ધોરણ 10માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન વિષયમાં કેટલાક એકમો કઠિન લાગતા હોવાના કારણે બોર્ડની પરીક્ષામાં સારો દેખાવ કરી શકતા ન હતા. જેના પરિણામે આ સમસ્યાના ઉકેલ માટે મેં આ નવતર પ્રયોગ હાથ ધર્યો.

**હેતુઓ :** ૧. વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થશે. ૨. શાળાના પરિણામમાં સુધારો થશે.
૩. વિદ્યાર્થીઓ સ્વમૂલ્યાંકન કરી શકશે. ૪. વિદ્યાર્થીઓ એકમનું ઝડપથી પુનરાવર્તન કરી શકશે.

**કાર્યપદ્ધતિનું વર્ણન :** ધોરણ 10 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન વિષયમાં બોર્ડની જાહેર પરીક્ષામાં કેટલાક કઠિન એકમો લાગવાને કારણે સારું પરિણામ પ્રાપ્ત કરી શકતા ન હતા. તે અનુસંધાને આ સમસ્યાના ઉકેલ માટે અગાઉની જાહેર બોર્ડની પરીક્ષાના 2006 થી 2023 સુધીના પેપરોએકત્ર કરીને તેનો અભ્યાસ કર્યો. દરેક એકમના કઠિન એકમોને સરળ કરવા માટે અનેક પ્રશ્નો અલગ તારવ્યા અને આગામી બોર્ડની પરીક્ષામાં પુછાવા લાયક પ્રશ્નોનો સંગ્રહ કર્યો. પ્રથમ સત્ર અને દ્વિતીય સત્ર એમ જુદા જુદા સત્ર માટે વર્ષ 2020 થી વિદ્યાર્થીઓને આ પ્રશ્નોના સંગ્રહવાળી સ્વાધ્યાયપોથીનું મેં નિર્માણ કાર્ય કર્યું. જેમાં બોર્ડની પરીક્ષામાં પુછાતા વિકલ્પવાળા પ્રશ્નો, ખાલી જગ્યાઓ, જોડકાઓ, તફાવત, ટૂંકા જવાબોવાળા પ્રશ્નો વગેરેનો સમાવેશ કરી આ સ્વાધ્યાયપોથીનું નિર્માણ કાર્ય કર્યું. તેમજ અગત્યના મોટા પ્રશ્નોને પણ આવરી લેવામાં આવેલ છે. આ સ્વાધ્યાયપોથી પ્રથમ અને દ્વિતીય એમ જુદા જુદા સત્ર માટે અલગ અલગ બે ભાગમાં બનાવવામાં આવેલ છે. દર વર્ષે કુલ **50** જેટલા વિદ્યાર્થીઓને પસંદ કરી સ્વાધ્યાયપોથી આપવાની શરૂઆત કરી. એક વર્ષ દરમિયાન કુલ 101 સ્વાધ્યાયપોથીઓ વિદ્યાર્થીઓને આપવામાં આવી. શરૂઆતથી ત્રણ વર્ષ સુધી આ ક્રમ જાળવી રાખવામાં આવ્યો હતો. આમ ચાર વર્ષ સુધી સ્વ ખર્ચે વિદ્યાર્થીઓને સ્વાધ્યાયપોથીઓ આપી. વિદ્યાર્થીઓને આપેલ સ્વાધ્યાયપોથીઓનો અભ્યાસ કરતા તેમના પરિણામમાં ખૂબ જ સુધારો પ્રાપ્ત થયેલ જોવા મળ્યો હતો. જે આ નવતર પ્રયોગની સફળતા ગણાવી શકાય.

**પરિણામ :**

| વર્ષ | સ્વા.આપેલ સંખ્યાવિદ્યાર્થીઓ | પાસ | ટકા |
|---|---|---|---|
| **2020** | **50** | **50** | **100** |
| **2021** | **50** | **50** | **100** |
| **2022** | **50** | **35** | **70** |
| **2023** | **48** | **40** | **93** |

૧.સ્વાધ્યાયપોથીઓ આપેલ વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થયેલ જોવા મળ્યો. ૨.શાળાના પરિણામમાં પણ સુધારો જોવા મળ્યો. ૩.વિદ્યાર્થીઓને પુનરાવર્તન કરવામાં સ્વાધ્યાયપોથી ખૂબ જ ઉપયોગી સાબિત થઈ. ૪. જિલ્લાના કેટલાક અન્ય વિદ્યાર્થીઓને સ્વાધ્યાયપોથી દ્વારા સારી સફળતા પ્રાપ્ત થઈ.

**ઉપયોગિતા** વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારા થયો અને શાળાના પરિણામમાં ખૂબ સુધારો જોવા મળ્યો. જિલ્લા અને રાજ્યની શાળાઓમાં આ નવતર પ્રયોગ અપનાવવામાં આવે તો વિદ્યાર્થીઓના પરિણામમાં ખૂબ સુધારો કરી શકાય અને શાળાના પરિણામમાં ઉતરોતર વધારો કરી શકાય. મારી શાળામાં આ પ્રયોગ ચાલુ છે અને આગામી સમયમાં પણ આ સ્વાધ્યાયપોથી ખૂબ ઉપયોગી સાબિત થશે.

**વર્તમાન સ્થિતિ :**

**ઈનોવેશનનું નામ :** શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો ઉપયોગ



**ઈનોવેટરનું નામ :** પંડયા પ્રદીપકુમાર કેવળદાસ **હોદ્દો :** મ. શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી પે.સે.શાળા જૈનાબાદ **કલસ્ટર/ક્યુડીસી :** દસાડા

**મો. નંબર :** ૯૯૨૫૭૩૭૯૪૫ **ઇ-મેઈલ આઇડી :** pandyapradip26@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો ઉપયોગ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** સામુહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૨૨

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** ૧ વર્ષ

## સમસ્યા ઉદ્ભવના કારણો :

સામાજિક વિજ્ઞાનમાં અઘરા એકમોમાં આવતા ન સમજી શકાય તેવા શબ્દો નો અર્થ અને સમજ બાળકો મેળવી શકતા ન હતા. જેમ કે ડ્રીમલીન,ભુ છત્ર દ્રુવા વિવિધ પર્વતના પ્રકાર વગેરે

## હેતુઓ :

બાળકો સામાજિક વિજ્ઞાનમાં રસ કેળવતા થાય.

- બાળકની જિજ્ઞાસા વૃત્તિ વધે છે.
- સર્જન શક્તિ અને ઉત્સાહ નો વિકાસ થાય છે
- બાળકો આસપાસના પર્યાવરણથી સામાન્ય સમજ કેળવતા થાય.
- અઘરા શબ્દો અને અઘરા અર્થો જાતે સમજ કેળવતા થાય : ડ્રીમલીન, કેડ પર્વત અવશિષ્ટ પર્વત.

## કાર્યપધ્ધતિનું વર્ણન :

આ ઇનોવેશન સમગ્ર પ્રક્રિયા ટેકનોલોજી આધારિત હોવાથી બાળકો જ્ઞાનકુંજ જેવા સ્માર્ટ ક્લાસ નો ઉપયોગ કરીને આ નવતર પ્રયોગ નો ઉપયોગ કરી શકે છે

## મૂલ્યાંકન :

આ ઇનોવેશનથી બાળકો સામાજિક વિજ્ઞાનમાં જે ઉત્સા હ અને સમજશક્તિનો અભાવ હતો તેમાં હવે ઉત્સાહ અને સમજવા માટે બાળકો તૈયારી બતાવે છે.

## પરિણામ :

આ નવતર પ્રયોગ કરવાથી બાળકોને ચિત્રો અને આકર્ષક લખાણથી રુચિકર લાગે એટલા માટે બાળકો આ ppt જોવા અને સમજવા માટે ઉત્સાહ બતાવતા થયા ત્યારબાદ એ બાળકો ચિત્રો અને આકર્ષક લખાણ જોઈને જાતે લખતા અને જાતે શબ્દોનો અર્થ શોધતા થયા.

## ઉપયોગિતા

છ થી આઠ ના વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન માં આ ઇનોવેશનનો ઉપયોગ કરીને બાળકોને સરળ સમજ આપી શકાય છે અને ઉત્સાહ પેદા કરી શકાય છે.

## વર્તમાન સ્થિતિ :

હાલ માં આ નવતર પ્રયોગ ચાલુ છે.

**ઈનોવેશનનું નામ :** Concept of Learning With Fast Revision Materials (CLFRM)

**ઈનોવેટરનું નામ :** શ્રી ગૌરાંગભાઈ સી. પટેલ **હોદ્દો :** મ.શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી સિધ્ધસર પ્રા. શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** ખેરવા

**મો. નંબર :** ૯૩૨૮૭૦૦૪૪૯ **ઈ-મેઈલ આઈડી :** dax3105@gmail.com



**નવતર પ્રયોગની કેટેગરી :** ટેકનોલોજીનો અધ્યયન અને અધ્યાપનમાં ઉપયોગ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** સામુહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુલાઈ ૨૦૨૧

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** ૨ વર્ષ

**સમસ્યા ઉદ્દભવના કારણો :** ધોરણ ૬,૭,૮ ના વિદ્યાર્થીઓ વર્ગખંડમાં ધ્યાનથી અભ્યાસ કરે છે અને જે તે સમયે વિષય વસ્તુ બરાબર સમજે છે. પરતું પરીક્ષા સમયે તેઓ યોગ્ય રીતે જવાબો લખી શકતા નથી. આ સમસ્યાનું કારણ છે અસરકારક પુનરાવર્તનનો અભાવ.

**હેતુઓ :** અહી બનાવેલ મટેરિયલ – **Concept Learning With Fast Revision Matterials(CLFRM)** ના ઉપયોગ વડે વિધાર્થીઓ સમગ્ર સત્ર દરમિયાન કરેલ અભ્યાસક્રમ ક્રમનું ૧.સંપૂર્ણ, ૨.અર્થઘટન સાથે, ૩.ઝડપી,૪.દૃશ્ય માધ્યમ વડે – પુનરાવર્તન કરે છે. અને વિદ્યાર્થીઓ પરીક્ષામાં યોગ્ય રીતે પ્રશ્નોના જવાબો આપી શકે છે.

**કાર્યપદ્ધતિનું વર્ણન :** **Concept Learning With Fast Revision Matterials(CLFRM)** આ મટેરિયલ બે રીતે બનાવી શકાય છે. (૧)ટેકનોસેવી શિક્ષકો PPT દ્વારા (૨)જે ટેકનોસેવી શિક્ષકો નથી તે પોતાના hand writing દ્વારા Concept Learning With Fast Revision Matterials(CLFRM) આ મટેરિયલની ખાસિયત (૧) ટુંકું (૨) સંપૂર્ણ (3) યોગ્ય ક્રમમાં. (૪) યોગ્ય ગોઠવણીમાં. (૫)ચિત્રાત્મક(જરૂર જણાય ત્યાં) (૬)કોષ્ટક સ્વરૂપે(જરૂર જણાય ત્યાં) (૭)રંગીન. (૮)મોટા અક્ષરે. (૯)જાતે વાંચી શકાય તેવું. (10)LED T.V. , COMPUTER SCREEN, PROJECTOR દ્વારા ડિસ્પ્લે કરી શકાય. (૧૧)પુનરાવર્તન માટે અસરકારક. (૧૨)સમયનો બચાવ. (૧૩)એક વખત બનવાયા પછી દરેક વર્ષે ઉપયોગી. (કોર્ષ ન બદલાય ત્યાં સુધી)

**મૂલ્યાંકન :** એક જ પ્રકરણની બે પરીક્ષાનું આયોજન (૧)પહેલી પરીક્ષા : **CLFRM** મટેરિયલના ઉપયોગ વગર
(૨)બીજી પરીક્ષા : **CLFRM** મટેરિયલના ઉપયોગ દ્વારા પુનરાવર્તન બાદ પરીક્ષા.
પહેલી પરીક્ષાના ગુણ - બીજી પરીક્ષાના ગુણ = પરિણામ

**પરિણામ :**

આ પુનરાવર્તન માટેનાં મટેરિયલ: Concept Learning With Fast Revision Matterials(CLFRM) દ્વારા પુનરાવર્તન કરવ્યા બાદ પરીક્ષા લેવામાં આવી તો ૭૫ % વિદ્યાર્થીઓ (ધોરણ ૮)ના ગુણમાં ૨૦ થી ૨૫ % નો વધારો જોવા મળ્યો.

**ઉપયોગિતા**

(૧)ધોરણ ૬ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓને લાગુ પાડી શકાય છે.
(૨)પરીક્ષા પહેલાં અસરકારક પુનરાવર્તન થાય છે.
(3)વિદ્યાર્થીમાં પરીક્ષાનો ડર દુર થાય છે અને આત્મવિશ્વાસ વધે છે.
(૪)વિદ્યાર્થી પરીક્ષામાં ઉતરોતર સારા ગુણ મેળવતો હોવાથી આભ્યાસમાં રૂચી વધે છે.

**વર્તમાન સ્થિતિ :**

(૧) કાર્યરત છે. (૨) પરિણામમાં ઉત્તરોતર વધારો જોવા મળે છે.
(3) તજજ્ઞના સૂચનોથી ફેરફાર કરવાને અવકાશ જણાય ત્યાં જરૂરી ફેરફાર ચાલુ છે.

**ઈનોવેશનનું નામ :** સભા સંચાલન એક કળા

**ઈનોવેટરનું નામ :** ભગવતદાન જી. ગઢવી **હોદ્દો :** મ.શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી ઝાડીયાણા પ્રા. શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** આદરિયાણા

**મો. નંબર :** ૯૯૦૯૨૩૯૬૬૮ **ઈ-મેઈલ આઈડી :** bhagvatdangadhavi76@gmail.com



**નવતર પ્રયોગની કેટેગરી :** સહઅભ્યાસિક પ્રવૃતિ દ્વારા સર્વાંગીક વિકાસ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** સામુહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૧૮

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** ચાલુ

**સમસ્યા ઉદ્‌ભવના કારણો :** બાળકોમાં જાહેરમાં બોલવાનો સંકોચ જોવા મળતો. બાળકોમાં આત્મ-વિશ્વાસના અભાવના કારણે જાહેરમાં બોલી શકતા નહોતા. બાળકોમાં સભાક્ષોભ (સ્ટેજ ફીયર)જોવા મળ્યો. પૂરતું શબ્દભંડોળ ન હોવાથી યોગ્ય રજૂઆતનો અભાવ જોવા મળ્યો.

**હેતુઓ :**

બાળક જાહેરમાં બોલતું થાય. સ્ટેજ ફીયર (સભાક્ષોભ) દૂર થાય. અનુભવથી આત્મવિશ્વાસમાં વધારો થાય. શબ્દભંડોળ વધે જેથી યોગ્ય રજુઆત કરી શકે. કોઈપણ સભાની સફળતા સફળ સંચાલનમાં હોય છે. બાળક સફળ સભા સંચાલક (એન્કર) બની શકે. ભવિષ્યમાં સારા સભા સંચાલક (એન્કર) બની ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે.

**કાર્યપધ્ધતિનું વર્ણન :**

અમારી શાળામાં ભણતા બાળકોમાં જાહેરમાં બોલવાનો સંકોચ જોવા મળ્યો જેથી કોઈ વક્તવ્ય કે કાર્યક્રમનું સંચાલન કરવાનું હોય તો બાળકો તૈયાર થાય નહિ.. આ સમસ્યાના ઉકેલ માટે અમારી શાળામાં એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો. સૌ પ્રથમ ઉત્સાહી બાળકોની એક ટીમ બનાવી વક્તવ્ય માટે પ્રેરણા આપી.શાળામાં થતી દૈનિક પ્રાર્થનાસભામાં સંચાલન કરવાનું નક્કી કરી આ ટીમ દ્વારા અઠવાડિયાના અલગ અલગ દિવસે અલગ અલગ વિદ્યાર્થી સંચાલન કરે એવું આયોજન કરવામાં આવ્યું.પ્રાર્થના સમિતિ ધ્યાન રાખે. અલગથી બેઠક કરી ભૂલો બતાવી જરૂરી સૂચનાઓ આપવામાં આવે. જે બીજા સપ્તાહે સુધારો થાય એમ સતત મોનીટરીંગ અને માર્ગદર્શન મળતું રહે... ધીમે ધીમે બાળકોનો રસ વધતો ગયો.. ભાગ લેનાર બાળકોની સંખ્યામાં વધારો થતો ગયો...અને સફળતા મળતા બીજી ભાષાઓ પણ દાખલ કરી. હાલ પ્રાર્થનાસભામાં દર બુધવારે હિન્દીભાષામાં, ગુરુવારે અંગ્રેજી ભાષામાં અને બાકીના દિવસોમાં ગુજરાતી ભાષામાં પ્રાર્થના કાર્યક્રમનું સંચાલન થાય છે.....બાળકો ખૂબ જ આત્મવિશ્વાસથી ભાગ લે છે...

**મૂલ્યાંકન :**

ધીમે ધીમે આત્મવિશ્વાસમાં વધારો થતાં બાળકો હોંશભેર દરેક કાર્યક્રમમાં ભાગ લે છે..મોટાભાગના બાળકો કાર્યક્રમનું સુંદર સંચાલન કરી શકે છે.વિવિધ સ્પર્ધાઓમાં પણ અગ્રેસર રહે છે.

**પરિણામ :**

આત્મવિશ્વાસ વધતા પ્રાર્થનાસભામાં બાળકો હોંશભેર ભાગ લેતા થયા. કાર્યક્રમના સુંદર સંચાલન માટે તૈયાર થયા...

**ઉપયોગિતા**

કોઈપણ કાર્યક્રમના સંચાલનમાં બાળકો તૈયાર હોય છે.. ઉચ્ચ અભ્યાસ માટે ગયેલા બાળકો પણ જ્યાં ગયા છે ત્યાં ઉત્સાહથી અગ્રેસર રહે છે.

**વર્તમાન સ્થિતિ :**

પ્રયોગ કાર્યરત છે.

**ઈનોવેશનનું નામ :** મોબાઈલ લાઈબ્રેરી

**ઈનોવેટરનું નામ :** ટી. જી. મલેક **હોદ્દો :** આચાર્ય **વિભાગ :** માધ્યમિક

**શાળાનું નામ :** શ્રીમતી ઝેડ.બી. હાઈસ્કૂલ **ક્લસ્ટર/ક્યુડીસી :** દસાડા

**મો. નંબર :** ૯૭૨૫૪૧૧૪૦૪ **ઈ-મેઈલ આઈડી :** tgmalek21@gmail.com



**નવતર પ્રયોગની કેટેગરી :** ટેકનોલોજીનો અધ્યયન અને અધ્યાપનમાં ઉપયોગ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** સામૂહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** વર્ષ - ૨૦૨૧ થી...

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** આવતા ૫ વર્ષ સુધીમાં

## સમસ્યા ઉદ્ભવના કારણો :

ખાસ કરીને વાંચન માટે આપેલા પુસ્તકોને કોઈવાર વાચતા નથી.

## હેતુઓ :

વિદ્યાર્થીઓને પુસ્તકોનાં વાંચનની ટેવ પડે.

સમાજમાં સામાજિક ઢ જુદા જુદા સમાજના લોકો વાંચે અને સમાજમાં નજીકતા આવે.

## કાર્યપદ્ધતિનું વર્ણન :

ચાર્ટ, પુસ્તકો, રિક્ષા, બેનર, ફોટાવાળા - ચાર્ટ

## મૂલ્યાંકન :

જે વિદ્યાર્થીઓ પુસ્તકો વાંચે ને સ્કૂલમાં આવે ત્યારે પ્રાર્થનાસભામાં પુસ્તકોનો સાર કે પરિચય આપે.

AAAAAAA

## પરિણામ :

વિદ્યાર્થીઓ જયારે પૂર્વ પ્રયોગ પહેલા પુસ્તકોની વાંચન ચર્ચા ન કરતા હતાં અને પ્રયોગ કર્યા પછી - તેના બધાજ કાર્યો

વ્યવહાર - વર્તનમાં ખુબ જ ફેર પડેલ છે.

૧૫૦૦ વ્યકિતઓ - આ લાભ લીધો. (વિદ્યાર્થીઓ સાથે)

વાલી - ગ્રામજનો - (સ્કૂલના ટીચર્સ વગેરે)

## ઉપયોગિતા

આ નવતર પ્રયોગ જે વિદ્યાર્થીઓ - શાળા, કલસ્ટર, તાલુકો, જિલ્લો, રાષ્ટ્રમાં આ પ્રયોગ ચાલુ કરવામાત્ર આવે તો

ચોકકસ પરિણામ મળી શકે છે.

## વર્તમાન સ્થિતિ :

આ નવતર પ્રયોગ દર શનિ - રવિ વિક એન્ડમાં કરવાનું ચાલું જ છે.

**ઈનોવેશનનું નામ :** ''સારો વિચાર સૌના માટે'' મૂલ્ય શિક્ષણ

**ઈનોવેટરનું નામ :** ભરતભાઈ એન. દેવૈયા **હોદ્દો :** મ.શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી રૂપાળીબા તથા શ્રી કરણસિંહજી પે.સે.શાળ.નં.૧ **ક્લસ્ટર/ક્યુડીસી :** લખતર - ૨

**મો. નંબર :** ૯૮૨૫૨૯૮૭૯૭ **ઈ-મેઈલ આઈડી :** bharatdevaiya51@gmail.com



**નવતર પ્રયોગની કેટેગરી :** અભ્યાસક્રમ આધારિત મુલ્ય શિક્ષણ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** સપ્ટેમ્બર ૨૦૨૨

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** સતત ચાલુ જ રહેશે

**સમસ્યા ઉદ્‌ભવના કારણો :**

મોટાભાગના બાળકો મજુર વર્ગના અને ઝૂંપડપટ્ટી વિસ્તારના વાલી નું તમામ ફોક્સ પેટીયુ રળવામાં હોય. આથી બાળકોમાં વિશેષ ધ્યાન ન આપી શકે. જેના કારણે સેવાકીય મૂલ્યો, સંવેદના ખૂબ ઓછી જોવા મળતી.

**હેતુઓ :** બાળકો મા બાપ, વડીલો સૌને આદર આપતા થાય.પ્રાણી માત્ર પ્રત્યે દયાભાવ કેળવે. સંવેદનશીલ બનેસેવાકીય મૂલ્યો આત્મસાત કરે.

**કાર્યપધ્ધતિનું વર્ણન :** અમારી શાળાના બાળકોમાં મા-બાપને પગે લાગી ને શાળાએ આવવું, પ્રાણી માત્ર પ્રત્યે દયાભાવ, સંવેદનશીલતા કે બીજા સેવક મૂલ્યોનો ખૂબ અભાવ જણાતો હતો. વાલીગણ મજુરી કામમાં વ્યસ્ત હોય આથી આવી સુટેવોનું ઘડતર પણ કરી શકતા નહીં.આથી મેં એક પેટી બનાવી, જેનું નામ રાખ્યું સારો વિચાર સૌના માટે.. આ ટાઈટલ નીચે દરેક બાળકો અઠવાડિયા દરમિયાન કરેલ સારા કાર્યોમાંથી શ્રેષ્ઠ કાર્યની ચીઠી લખીને નામજોગ આ બોક્સમાં નાખે. મા બાપની સેવા કરી હોય, મમ્મીને ઘરકામમાં મદદ કરી હોય, પપ્પાને કે વૃદ્ધ દાદા દાદીની સેવા કરી હોય, ગાય કે કૂતરાને રોટલી ખવડાવી હોય, ચબૂતરે અનાજ નાખ્યું હોય, વૃક્ષને પાણી પાયું હોય, મિત્રને મદદ કરી હોય, પોતાના ભાગનો નાસ્તો ખવડાવી કોઈ ભિખારીને રાજી કર્યો હોય, કોઈની સાથે દવાખાને જઈ સેવામાં જોડાયા હોય, શાળા કે ગ્રામ સફાઈ માં જોડાયા હોય... આવા કોઈપણ સેવાકીય કામ લખીને આ બોક્સમાં ચિઠ્ઠી નાખવાની અને દર શનિવારે રેન્ડમલી એનું પ્રાર્થના સભામાં શિક્ષક દ્વારા વાંચન કરવામાં આવે. એ વિદ્યાર્થીઓએ ઉભા કરી એના કાર્યોની પ્રશંસા કરી તાળીઓથી બીરદાવવામાં આવે.

વળી બાળકોને સ્પષ્ટ સમજાવવામાં આવ્યું છે કે સેવા કર્યા વગર ખોટી ચિઠ્ઠી લખીને બોક્સમાં નાખીએ તો માં ભગવતી વિદ્યા દેવી સરસ્વતી નારાજ થાય. આથી બાળકો પહેલા સેવા કાર્યો કરે છે અને પછી ચિઠ્ઠીઓ લખીને આ બોક્સમાં નાખે છે.

ધાર્યા કરતા વિશેષ સફળતા મળી છે અવનવા સદકાર્યો દ્વારા બાળકો મહેકી ઉઠ્યા છે. એમા જાત અનુભવ થયો છે. પેટી આખી સદગુણોથી છલકાઈ જાય છે. મારો ઉદ્દેશ સો ટકા સિદ્ધ થયો છે એનો વિશેષ આનંદ છે. દરેક પ્રાથમિક શાળાઓએ સારો વિચાર સૌના માટે એ નવીન્યપૂર્ણ ઇનોવેશન કરવા જેવું છે.

**મૂલ્યાંકન :**

દર શનિવારે રેન્ડમલી ચિઠ્ઠીઓ કાઢીને પ્રાર્થના સભામાં જ વાંચન કરી બાળકોને બીરદાવવામાં આવે છે એમના સદવિચાર વિશે વિશેષ વાત કરી તાળીઓથી નવાજવામાં આવે છે જેનાથી બીજા બાળકો પણ પ્રેરિત થાય છે

**પરિણામ :**

પહેલા જે મૂલ્યનો અભાવ જોવા મળતો એ વડીલોને સન્માન, પ્રાણીપાત્ર પ્રત્યે દયાભાવ, સેવાભાવ, સંવેદનશીલતા, સેવા ભાવના અને ઘણા વિકસ્યા છે વાલીઓ સાથે વાત કરતા જણાયું છે કે બાળકોમાં વર્તનમાં ઘણું પરિવર્તન આવ્યું છે

**ઉપયોગિતા**

આખા ગુજરાત રાજ્યની પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓને.

**વર્તમાન સ્થિતિ :**

હાલ પણ આ નવતર પ્રયોગ શાળામાં ચાલુ જ છે

**ઈનોવેશનનું નામ :** શાળા શૈક્ષણિક પ્રવાસ થકી જ્ઞાન દર્શન

**ઈનોવેટરનું નામ :** શ્રી પ્રવિણચંદ્ર એન. સાતુનિયા **હોદ્દો :** મ.શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી કારેલા પ્રા. શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** લીલાપુર

**મો. નંબર :** ૯૮૨૫૫૮૬૩૧૫ **ઈ-મેઈલ આઈડી :** pravinbhaisatuniya592@gmial.com

**નવતર પ્રયોગની કેટેગરી :** સહઅભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** સને ૨૦૦૧ થી

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** સતત ચાલુ



**સમસ્યા ઉદ્ભવના કારણો :**
તારીખ ૦૨/૦૭/૧૯૯૭ નાં રોજ હું આ શાળામાં દાખલ થયો.એ સમયે સમસ્યા ઉદભવનું એકમાત્ર કારણ એ હતું કે શાળાનાં બાળકો તથા વાલીઓ પ્રવાસથી સાવ અજ્ઞાન હતા. પ્રવાસ એ એક ખૂબ અગત્યની સહઅભ્યાસીક પ્રવૂતી છે . એ વીશે સાવ અજાણ હતા. આ પરિસ્થિતમાં પ્રવાસનું આયોજન કરવું એ ખૂબ કઠિન હતું.પરંતુ સ્ટાફમિત્રોનાં સહયોગથી મે એ દિશામાં આગળ વધવાનું નક્કી કર્યું.

**હેતુઓ :** ૧.બાળક વર્ગખંડની ચાર દીવાલો છોડીને બહારની દુનિયા જુએ. ૨.સ્થળ મુલાકાતથી બાળકની અવલોકન શક્તિનો વિકાસ થાય. ૩.પ્રવાસ દ્વારા બાળકને અભ્યાસમાં લગતી કઠિન બાબતોનું સમાધાન થાય. ૪.પ્રવાસદર્શન દ્વારા મળેલ જ્ઞાન દીર્ઘકાલીન બને. ૫.પ્રવાસમાં પડતી મુશ્કેલીઓને વ્યક્તિગત જીવન સાથે જોડી તેનો વ્યવહારુ ઉકેલ મેળવે.

**કાર્યપધ્ધતિનું વર્ણન :** આમ જોઈએ તો પ્રવાસ એટલે જોવું,જાણવું ,અને શીખવું. વાર્તા,ગીત,અભિનય,રમતગમત,યોગ,સંગીત,જેવી સહઅભ્યાસિક પ્રવૂતિઓ બાળકના નાજુક માનસને પોષનાર છે. એજ રીતે પ્રવાસ પણ બાળક નાં શારીરિક ,માનસિક વૈચારિક તથા શૈક્ષણીક ઘડતર માટે ખુબજ જરૂરી સહઅભ્યાસીક પ્રવૂતી છે. પ્રવાસ એટલે દર્શન,જ્ઞાન,અને પરિભ્રમણનો ત્રિવેણી સંગમની સાર્થકતા સિદ્ધ કરવા મે શાળા પરિવાર તથા વાલીઓનો સહકાર લઈને સને-૨૦૦૧ થી શાળામાં સૌ પ્રથમ વખત એક દિવસનાંપ્રવાસની શરૂઆત કરી. ખુબજ સુંદર મજાનું આયોજન જોઈ વાલીઓ પણ ખુબજ પ્રભાવિત થયા.આ સિલસિલો સતત ૨૦ વર્ષથી અવિરત ચાલુ રહયો.પરંતુ કોરોના આવતા સને-૨૦૨૧ તથા ૨૦૨૨ નાં વર્ષના પ્રવાસ મુલતવી રાખવા પડ્યા.પરંતુ ગયા વર્ષ-૨૦૨૨-૨૩ થી પુનઃ આ સિલસિલો શરૂ કરી દેવામાં આવ્યો છે.

**મૂલ્યાંકન :** આ નવતર પ્રયોગનું મૂલ્યાંકન પ્રવાસ બાદ બાળકે પ્રવાસમાં જોયેલ સ્થળો,મેળવેલ અનુભવો,પ્રવાસના વિસ્તાર કે પ્રદેશની સ્થાનિક ભૌગોલીક,સામાજિક,આર્થિક પરિસ્થિતિ,પ્રવાસમાં પડેલ મુશ્કેલી વગેરે બાબતે અહેવાલ લેખન તથા બાળક સાથે સંવાદ પ્રકિયા દ્વારા મૂલ્યાંકન કરવામાં આવે છે. બાળક ને ન સમજાયેલ બાબતો તથા પડેલ મુશ્કેલીઓનું શિક્ષક દ્વારા સમાધાન કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

**પરિણામ :** અગાઉ દર્શાવ્યા મુજબ નવતર પ્રયોગ કર્યા પૂર્વે વાલીઓ તથા બાળકો પ્રવાસ બાબતે સાવ અજાણ હતા. અગાઉ શાળા દ્વારા પ્રવાસનું આયોજન થયુજ નહતું. પરંતુ સને-૨૦૦૧ થી મે શાળા પરિવાર તથા વાલીઓનો સહકાર મેળવી ફક્ત ૨૫ બાળકો સાથે એક દિવસનાં નળસરોવરનાં પ્રવાસનું આયોજન કર્યું.વાલીઓનો સારો પ્રતિસાદ મળતા ત્રીજા વર્ષથી ૫૦ બાળકો સાથે ૨ દિવસનાં સફળપ્રવાસનું આયોજન કર્યું. શાળા દ્વારા દર વર્ષે ૫૦ થી ૫૨ બાળકો સાથે છેલ્લા ૨૦ વર્ષથી અવિરત પ્રવાસનું આયોજન કરવામાં આવી રહયું છે, જે શાળા માટે ગૌરવની વાત છે. સતત ૨૦ વર્ષનાં સફળ આયોજન બાદ,2021 તથા ૨૦૨૨ માં કોરોનાને કારણે પ્રવાસનું આયોજન મુલતવી રાખવું પડ્યું ,પરંતુ કોરોનાની વિદાય બાદ, ગયા વર્ષે ૫૫ બાળકો સાથે ફરીથી પ્રવાસનું આયોજન શરૂ કરવામાં આવ્યું છે.

**ઉપયોગિતા** ૨૦ વર્ષના સતત અને સફળ આયોજન બાદ, આજે શાળાની ફળશ્રુતિ જોઈને પે.સેન્ટર,ક્લસ્ટર તથા તાલુકાની ઘણી બધી શાળાઓ આજે પ્રવાસનાં સફળ આયોજન માટે અમારી શાળા પાસે માર્ગદર્શન પણ મેળવે છે. અમારા માર્ગદર્શન થકી તેઓ પણ પ્રવાસનું સફળ આયોજન કરતા થયા છે, જે અમારા માટે ખુબજ ગૌરવપ્રદ વાત છે.

**વર્તમાન સ્થિતિ :** ૨૦ વર્ષના સફળ આયોજન તથા અનુભવોને આધારે આજે પણ દર વર્ષે ધોરણ -૫ થી ૮ નાં ૫૦ થી ૫૫ બાળકો સાથે શાળા દ્વારા શૈક્ષણિક પ્રવાસનું સફળ આયોજન કરવામાં આવે છે. દર વર્ષે શાળા દ્વારા કરવામાં આવતા પ્રવાસનાં સફળ આયોજન થકી વાલી અને શાળા વચ્ચે વિશ્વાસ અને લાગણીનો સેતુ બંધાયો છે. દર વર્ષે થતાં પ્રવાસનાં સૂચારૂ આયોજનથી વાલીઓ ખુબજ સંતુષ્ઠ છે. શાળામાં વાલીઓની લોકભાગીદારી વધી છે.શાળા પરિવારની કાર્યનિષ્ઠા તથા વિશ્વસનિયતામાં વધારો થયો છે.

ઈનોવેશનનું નામ : ૧. અપૂર્ણાંકની પ્રાથમિક સમજ મેળવે.
૨. વિજ્ઞાનના સરળ પ્રયોગો બાળકો જાતે જ કરે જેથી વર્ગખંડમાં સારી હાજરી રહે.




ઈનોવેટરનું નામ : શ્રી નિલેશ આર. ડોડિયા હોદ્દો : મ. શિક્ષક વિભાગ : પ્રાથમિક

શાળાનું નામ : શ્રી સવલાણા પ્રા. શાળા ક્લસ્ટર/ક્યુડીસી : લીલાપુર

મો. નંબર : ૮૧૬૦૮૨૭૬૭૯ ઈ-મેઈલ આઈડી : dodiyanilesh80@gmail.com


નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાલોજી આધારિત શિક્ષણ, નિયમિતતા

નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યકિતગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : સને ૨૦૨૦ થી

નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો : ચાલુ

## સમસ્યા ઉદ્દ્ભવના કારણો :

1.ધોરણ ૬ના વિદ્યાર્થીઓને અપુર્ણાંક સમજવામાં ખુબજ મુશ્કેલી પડતી હતી.
2.વિજ્ઞાનમાં આવત વર્ગીકરણમાં ભુલ કરતા.

## હેતુઓ :

૧. બાળકો જાતેજ અપૂર્ણાંકોને સરખાવે, સમચ્છેદી અપૂર્ણાંકોના સરવાળા અને બાદબાકી કરતાં થાય.
૨. વિજ્ઞાનના અમુક સરળ પ્રયોગો જાતેજ કરે જેથી વિજ્ઞાન વિષયમાં રસ કેળવાય.

## કાર્યપદ્ધતિનું વર્ણન :

બાળકોમાં અપૂર્ણાંકોની સમાજ કેળવાય એ માટે સરળ કાર્ડ શીટ માંથી મોડેલ બનાવી અને વ્યવહારમાં અડધું, ત્રીજા ભાગનું, ચોથા ભાગનું વગેરે અપૂર્ણાંકોનો ઉપયોગ કરતાં થાય. સમચ્છેદી અપૂર્ણાંકોના સરવાળા અને બાદબાકી કરતાં થાય. વિજ્ઞાન પ્રયોગો કે જે સરળતાથી થાય છે તે વસ્તુઓ જાતેજ લાવીને જાતેજ પ્રયોગો કરી વિજ્ઞાન વિષય માં રસ કેળવે.

## મૂલ્યાંકન :

સામાન્ય મૌખિક પ્રશ્નોતરી દ્વારા , રોજિંદા જીવનમાં જોવા મળતી ઘટનાના સંદર્ભમાં પ્રશ્નોતરી દ્વારા મૂલ્યાંકન કરી શકાય છે.

## પરિણામ :

૧.વિદ્યાર્થીઓ અપૂર્ણાંકોની સરખામણી કરતાં થયા . મોટા ભાગના વિદ્યાર્થીઓ ભૂલ વગર સમચ્છેદી અપૂર્ણાંકોના સરવાળા બાદબાકી કરે છે. ૨.વિજ્ઞાનમાં પ્રયોગોના કારણે વર્ગીકરણ સરળતાથી કરે છે.

## ઉપયોગિતા

વર્ગખંડનું વાતાવરણ જીવંત રહે છે. રોજીંદા જીવન સાથે સંકળાયેલા વૈજ્ઞાનિક ખ્યાલોની સમાજ કેળવે છે.

## વર્તમાન સ્થિતિ :

અપૂર્ણાંકોની સમજ આપવામાં સૌથી સરળ તથા ઝડપથી બનતું TLM હોવાના કારણે દર વર્ષે બાળકોને અપૂર્ણાંકોની સમજ આપવા માટે ઉપયોગી છે. તથા શક્ય હોય એટલા વિજ્ઞાનના પ્રયોગો અને જાતે ચાર્ટ બનાવવાના પ્રયત્નો ચાલુ છે.

**ઈનોવેશનનું નામ :** MDM માં અનાજનો બગાડ અટકાવવો



**ઈનોવેટરનું નામ :** શાહ ભાવિકકુમાર જયંતકુમાર **હોદ્દો :** આચાર્ય **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી ગઢાદ પ્રા. શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** મુળી - ૫

**મો. નંબર :** ૯૯૨૪૫૬૯૬૯૮ **ઈ-મેઈલ આઈડી :** bhavik19.shah@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** મૂલ્ય શિક્ષણ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુલાઈ ૨૦૨૨ થી

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** કાર્યરત છે

**સમસ્યા ઉદ્દ્ભવના કારણો :**

MDM માં અનાજનો ખુબ બગાડ થતો હતો
કયું MENU વધુ પસંદ છે તે જાણવા

**હેતુઓ :** MDM માં અનાજ થતો બગાડ અટકાવવો
MDM બાળકોને કયું MENU કેટલું પસંદ છે તે આધારે રસોઈ વધુ/ઓછી બનાવવી
બાળકોને કુપોષણ અને ભૂખમરા જેવી વૈશ્વિક સમસ્યાથી વાકેફ કરવા
બાળકોમાં ભાગાકાર ગુણાકાર વજન જેવી સંકલ્પના વધુ સ્પષ્ટ થાય

**કાર્યપદ્ધતિનું વર્ણન :**

➢ MDM માં બાળકો ભોજન જમી લે ત્યારબાદ બગાડ થયેલ અનાજને નાખવા માટે એક તપેલું ત્યાં મુકવું
➢ બાળકો દ્વારા થયેલા અનાજનો બગાડ તે તપેલામાં નાખવામાં આવે છે
➢ MDM મંત્રી દ્વારા તપેલાનું વજન કરવામાં આવે છે
➢ બગાડ થયેલ અનાજનું વજન શાળાના GENERAL BOARD ઉપર લખવામાં આવે છે
➢ જો આ બગાડ નો થયો હોત તો કેટલા વધુ બાળકો જમી શકે તે આંકડો પણ લખવામાં આવે છે

**મૂલ્યાંકન :**

➢ એક EXCEL FILE તૈયાર કરી રોજના આંકડાની ENTRY કરવામાં આવે છે
➢ વિવિધ REPORT જેવા કે MENU WISE, MONTH WISE GENERATE કરવામાં આવે છે

**પરિણામ :**

➢ શાળામાં અનાજના બગાડનું પ્રમાણ નહિવત થઇ ગયેલ છે
➢ બાળકો ઘરે પણ અનાજનો બગાડ કરતા નથી
➢ કુપોષણ ભૂખમરા જેવી સમસ્યા વિષે જાગૃતિ આવી છે

**ઉપયોગિતા**

તમામ શાળામાં આ નવતર પ્રયોગ શરુ કરી શકાય

**વર્તમાન સ્થિતિ :**

શાળામાં આ પ્રયોગ હજી કાર્યરત જ છે



**ઈનોવેશનનું નામ :** ઓપન પ્રજ્ઞા વર્ગ (પર્યાવરણના સાનિદ્યમાં)


**ઈનોવેટરનું નામ :** દલસાણીયા મહેશભાઇ એમ. **હોદ્દો :** મ.શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી ટીડાણા પ્રા. શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** મુળી

**મો. નંબર :** ૯૬૮૭૬૧૮૧૧૮ **ઇ-મેઇલ આઇડી :** tidana.snr.muli.muli1@gmail.com


**નવતર પ્રયોગની કેટેગરી :**

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૧૯

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** અત્યારે ચાલુ છે (બીજા અન્ય ઓપન વર્ગ બનાવ્યા છે)

## સમસ્યા ઉદ્‌ભવના કારણો :

બાળકો પોતાની રીતે પોતાના સમયે શિક્ષણ મેળવી શકે તેવી કોઈ વ્યવસ્થા શાળામાં ન હતી.

## હેતુઓ :

❖બાળકો હસતા રમતા જ્ઞાન મેળવે. ❖બાળકો પોતાના સમયે જ્ઞાન મેળવે. ❖પર્યાવરણના સાનિધ્યમાં રહી સંકલ્પનાઓ સ્પષ્ટ કરે.
❖વર્ગની બહાર મુક્ત વાતાવરણમાં અભ્યાસ કરે. ❖ભાર વગરના ભણતરની સંકલ્પના સ્પષ્ટ થાય.

## કાર્યપદ્ધતિનું વર્ણન :

❖શાળાના ગાર્ડનમા જ બાળકો માટે અભ્યાસની સુવિધા ઉભી કરવી.
❖જ્યાં બાળકો વૃક્ષના છાયામાં મુક્ત રીતે બેસી અભ્યાસ કરી શકે તેવો વર્ગ તૈયાર કરવો.
❖પ્રજ્ઞા વર્ગની તમામ ક્ષમતાઓ સિદ્ધ થાય તેવી ટાઈલ્સ ગાર્ડનમાં લગાવવી.
❖બાળકો સરળતાથી પોતાના સમયે વાંચી લખી શકે તેવી સામગ્રી આ ઓપન વર્ગમાં મુકવી.
❖આ વર્ગમાં ફરતે ફૂલ છોડ અથવા મહેંદી ઉગાડવી.
❖ગુજરાતી,ગણિત પર્યાવરણ નો વર્ગ ઉભો કરી શકાય.
❖પ્રજ્ઞા સમૂહ કાર્ય ૧ અને સમૂહ કાર્ય ૨ ની પ્રવૃતિઓ આ વર્ગમાં કરાવી શકાય.
❖સાંજે રમે તેની રમત પણ આ વર્ગમાં રમાડી શકાય.

## મૂલ્યાંકન :

❖આ ઓપન વર્ગના કારણે બાળકોના શિક્ષણ માં ખુબજ સારી સુધારાત્મક અસર જોવા મળે છે .
❖રિશેષ દરમ્યાન અથવા અન્ય સમયે બાળકોનું અવલોકન કરી પ્રયોગની સફળતા જોઈ શકાય છે.

## પરિણામ :

❖બાળકો જાતે શીખતા થયા ❖બાળકોને મુક્ત વાતાવરણ મળતા તેમના અભ્યાસમાં સુધારો થયો. ❖પર્યાવરણ પ્રત્યે જાગૃત થયા. ❖બાળકોની શાળામાં હાજરીનું પ્રમાણ વધ્યું. ❖ગુરુકુળ શિક્ષણની સંકલ્પના મહદઅંશે સિદ્ધ કરી શક્ય. ❖અનુભવ ધ્વારા જ્ઞાન મેળવતા થયા. ❖પ્રવૃત્તિ ધ્વારા જ્ઞાન મેળવતા થયા.

## ઉપયોગિતા

❖પ્રવૃત્તિ ધ્વારા જ્ઞાન મેળવતા થયા.
❖ભાર વગરના ભણતર ની સંકલ્પના આ ઇનોવેશન દ્વારા સાકાર કરી શકાય છે.

## વર્તમાન સ્થિતિ :

આ પ્રયોગને ધ્યાને રાખી અત્યારે શાળામાં આવા બીજા ત્રણ ઓપન વર્ગ શરુ કરવામાં આવ્યા છે.જેમાં વિજ્ઞાન ઓપન વર્ગ , પર્યાવરણ ઓપન વર્ગ નો સમાવેશ થાય છે.



**ઈનોવેશનનું નામ :** ઈકન્ટેન્ટ નિર્માણ

**ઈનોવેટરનું નામ :** મયુર જગરદાન ગઢવી **હોદ્દો :** મ. શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** નળીયા પ્રા. શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** જસાપર

**મો. નંબર :** ૯૪૨૮૭૨૦૯૫૯ **ઈ-મેઈલ આઈડી :** mayurgadhavi5@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૨૦

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :**

**સમસ્યા ઉદ્ભવના કારણો :** આજના ટેકનોલોજીના યુગમાં પરંપરાગત રીતે ચોક અને બ્લેકબોર્ડ દ્વારા ભણાવવું એ કંટાળાજનક કાર્ય છે અને તેમાં વિદ્યાર્થીઓનો ભણતર પ્રત્યયનો રસ જાળવી રાખવો એ અઘરું કામ છે. વિદ્યાર્થીઓ વધુ ને વધુ શાળાએ આવતા થાય અને ભણતર માં રસ લે એ બહુ જરૂરી લાગ્યું આ માટે કંઈક રસપ્રદ કાર્ય કરવાની ઈચ્છા હતી.

**હેતુઓ :** ઇન્ટરનેટ અને કોમ્પ્યુટરના ઉપયોગ દ્વારા ઈકન્ટેન્ટનું નિર્માણ કરીને વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે રસ જગાવવો અને આ માટે એનિમેટેડ વીડિયો બનાવવા ઓનલાઈન MCQ ટેસ્ટ લેવી ઘડિયા ગાન માટે એક્સેલ ફાઈલ બનાવવી વર્ગમાં પ્રકરણ ચલાવવા માટે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન તૈયાર કરવું વગેરે ઈ-કન્ટેન્ટ તૈયાર કરવું.

**કાર્યપદ્ધતિનું વર્ણન :** આમ તો હાલ ઇન્ટરનેટ પર ઘણું ઇ-કન્ટેન્ટ મળી રહે છે જેનો ડાયરેક્ટ ઉપયોગ કરી શકાય છે. પરંતુ મારે જાતેજ ઈકન્ટેન્ટ તૈયાર કરવું હતું. તેનો ફાયદો એ છે કે તેવા ટુલ્સ મળી રહે કે જેના દ્વારા વિદ્યાર્થીના પ્રોગ્રેસની ચકાસણી કરી શકાય. ❖આ માટે મેં એનીમેટેડ વિડિયોઝ ઓનલાઇન, MCQ ટેસ્ટ, ઘડિયા ગાન માટે એક્સેલ ફાઈલ બનાવવી, પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા જે તે ટોપીક ભણાવવો વગેરે તૈયાર કરવાનું શરૂ કર્યું આ માટે આ તમામ વિગત સરળતાથી વિદ્યાર્થીઓને ઉપલબ્ધ થઈ રહે તે માટે વેબસાઈટ બનાવવાનું નક્કી કર્યું અને QR કોડ તૈયાર કરવાનું નક્કી કર્યું. આ માટે મેં બનાવેલ વેબસાઈટ નોએડ્રેસ sites.google.com/view/gadhavi છે. ❖આમતો અગાઉ 2014 માં મેં કોમ્પ્યુટરની લેંગ્વેજ Visual Basic માં MCQ ટેસ્ટ માટેનો સોફ્ટવેર તૈયાર કરેલ પરંતુ એ માત્ર એક જ કોમ્પ્યુટરમાં ઇન્સ્ટોલ કરી તેમાં વારા ફરતી દરેક વિદ્યાર્થીઓની MCQ Test ગોઠવી શકાય તે પ્રકારનો હતો MCQ Test આપ્યા બાદ તરત જ રીઝલ્ટ મળી જતું. પરંતુ હાલ આ સુવિધા google form માં Form Quiz બનાવીને સરળતાથી ઉપલબ્ધ કરાવી શકાય છે. જેનો ઉપયોગ કરી વિધ્યાર્થીઓ પોતાના મોબાઇલમાં ઘરેથી પણ પરીક્ષા આપી શકે છે. ❖Google Form માં મોટી મુશ્કેલી એ પડતી હતી કે તેમા તમામ પ્રશ્નો ફરીથી ટાઇપ કરવા પડે તેમ હતા. વળી Google Form માં પ્રશ્નો ટાઇપ કર્યા બાદ તેમાથી એ પ્રશ્નો કોઇ બીજા ઉપયોગ માટે મળી રહે તેવી પણ કોઇ શક્યતા ન હતી. આ પ્રશ્નો ટાઇપ કરવાની મુશ્કેલીનો હલ મને અમારા આચાર્ય નીલેશભાઇ ગજ્જર પાસેથી મળી રહ્યો જેમણે મને પ્રશ્નો ટાઇપ કરવાને બદલે તેને Google Lens દ્વારા સ્કેન કરવાની સલાહ આપી. Google Lens ના કારણે પ્રશ્નો સરળતાથી વર્ડ ફાઇલમાં મેળવી શકાયા અને Google Docs ને Google Form Quiz માં કંન્વર્ટ કરવાની સુવિધા મળી રહી. આથી ધોરણ 6 થી 8 નાં વિજ્ઞાન વિષયના અંદાજે 900 જેટલા પ્રશ્નો થોડા જ દિવસમાં ક્વીઝમાં કન્વર્ટ કરી શકાયા. આ રીતે લગભગ થોડા મહિનાની અંદર ગણિત સહિતબીજા વિષયોની પણ ક્વિઝ તૈયાર કરવાની ગણતરી છે. Google Quiz માં તૈયાર કરેલ ક્વિઝનુ પરીણામ એક્સેલ ફાઇલમાં મળી રહે છે. જેથી વિધ્યાર્થીઓનાં ગુણનુ એનાલીસીસ કરવુ ઘણુ સરળ બને છે. આ ઉપરાંત દરેક ક્વિઝનો QR code જનરેટ કરી અથવા તેની લીન્ક Whats app માં વિધ્યાર્થીઓને મોકલુ છુ જેને સ્કેન કરીને કે ક્લીક કરીને MCQ Test આપી શકે છે. આ ઉપરાંત એક વેબસાઇટ ઉપર પણ આ તમામ લીન્ક મળી રહે તે હેતુથી તૈયાર કરેલ છે જેનો એડ્રેસ છે:https://sites.google.com/view/gadhavi આ ઉપરાંત યુટ્યુબ માં ચેનલ બનાવી તેમાં એજ્યુકેશન વીડીયોઝ અપલોડ કરવાનું શરુ કર્યું છે. હાલ મારી ચેનલ માં ૨૧૬ સબ્સ્ક્રાઇબર્સ છે અને ૨૭૦૦૦ views છે. આ ઉપરાંત પાવર પોઈન્ટપ્રઝેંટેશનસ તૈયાર કરેલ છે

**મૂલ્યાંકન :** દરેક પ્રકરણ પુર્ણ થયા બાદ તેની ટેસ્ટ ની લિન્ક વોટ્સ અપ ગ્રુપ માં શેર કરી દેવામાં આવે છે. ત્યારબાદ વિધ્યાર્થીઓને 2 દિવસ ની અંદર પોતાના મોબાઈલમાં ટેસ્ટ આપી દેવાનુ જણાવવામાં આવે છે. તમામ વિધ્યાર્થીઓએ ટેસ્ટ આપી દીધા બાદ તેની એક્ષેલ ફાઈલ ગુગુલ ડ્રાઈવ પરથી ડાઉનલોડ કરી તેનુ એનાલીસીસ કરવામાં આવે છે.

**પરિણામ :** MCQ Test માં મહાવરા બાદ વિધ્યાર્થીઓ નાં વૈકલ્પિક પ્રશ્નોનાં જ્ઞાન માં વધારો થયો અને તેને કારણે મોટા પ્રશ્નો લખવામાં પણ ફાયદો મળ્યો. અગાઉ 30% થી 40% વિધ્યાર્થીઓ 90% પ્રશ્નો હલ કરી શકતા હવે અંદાજે 60% થી 70% વિધ્યાર્થીઓ 90% વૈકલ્પિક પ્રશ્નો હલ કરી શકે છે. જેને કારણે સત્રાંત પરીક્ષા નાં પરીણામમાં પણ તફાવત જોવા મળ્યો.

**ઉપયોગિતા** આ ટેસ્ટ વિધ્યાર્થીઓ ઘેર બેઠા પણ આપી શકે છે. આ ઉપરાંત આ ટેસ્ટ માત્ર પ્રેક્ટીસ ના હેતુ થી અન્ય શાળાના વિધ્યાર્થીઓ પણ ઉપયોગ કરી શકે છે.

**વર્તમાન સ્થિતિ :** હાલ વિજ્ઞાન વિષય નાં ૬ થી ૮ ધોરણ નાં અંદાજે સાત સાત પ્રકરણનાં કુલ મળીને ૯૦૦ જેટલા પ્રશ્નો ઉમેર્યા છે અને હજુ કાર્ય ચાલુ જ છે. ત્યારબાદ અન્ય વિષયોનાં પ્રશ્નો પણ ઉમેરી વધુ ઉપયોગી બનાવવાનો છે.

**ઈનોવેશનનું નામ :** કલાની આંખે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ના સંદર્ભે

**ઈનોવેટરનું નામ :** વારિસ ટી. ભટ્ટા **હોદ્દો :** મ.શિક્ષક **વિભાગ :** ઉ.માધ્યમિક

**શાળાનું નામ :** સરકારી ઉ.મા.શાળા સરલા **ક્લસ્ટર/ક્યુડીસી :** શ્રી માંડવરાયજી ક્યૂડીસી મુળી

**મો. નંબર :** ૯૧૭૩૧૮૬૦૦૧ **ઈ-મેઈલ આઈડી :** varisbhatta1985@gmail.com



**નવતર પ્રયોગની કેટેગરી :** સહઅભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુન ૨૦૧૮ થી

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** વર્તમાન સમયમાં કાર્યરત છે

**સમસ્યા ઉદ્ભવના કારણો :**

**હેતુઓ :** વિદ્યાર્થીઓમાં કલા દ્રષ્ટિનો વિકાસ થાય
-વિદ્યાર્થીઓમાં કઈક નવું કરવાની પ્રેરણા જાગે
-વિદ્યાર્થીઓમાં અભિનય,નૃત્ય,સંગીત પરત્વે રસ ઉત્પન્ન થાય.

**કાર્યપદ્ધતિનું વર્ણન :**

અમારી શાળામાં આ ઇનોવેશનનું અમલીકરણ છેલ્લા છ વર્ષથી થઈ રહ્યું છે. ઉચ્ચતર માધ્યમિક ક્ષેત્રે સમસ્યા એ હતી કે વિદ્યાર્થીઓમાં કલા પ્રત્યે રસ જોવા મળતો ન હતો. પરિણામ સ્વરૂપે વિદ્યાર્થી શાળામાં ધોરણ ૧૧ માં પ્રવેશ લે એ સાથેજ બાળકની રસ,રુચિ જાણીને તેમને જે ક્ષેત્રમાં રસ હોય એ ક્ષેત્રમાં આગળ વધવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. શાળાના શિક્ષક રચિત કસોટી દ્વારા વિદ્યાર્થીઓના રસના ક્ષેત્રો જાણી એ પ્રમાણે વિદ્યાર્થીઓને વ્યવસ્થિત માર્ગદર્શન આપવાથી બાળકોને કળાના વિવિધ સ્વરૂપોમાં રસ ઉત્પન્ન થયો અને શાળા કક્ષાથી લઇને નેશનલ કક્ષા સુધીની વિદ્યાર્થીઓની સફળતા એ આ નવતર પ્રયોગની ફળશ્રુતિ છે.

**મૂલ્યાંકન :** આ નવતર પ્રયોગનું મૂલ્યાંકન કરતાં જોવા મળ્યું કે વિદ્યાર્થીઓને આ નવતર પ્રયોગમાં ખુબજ રસ જોવા મળ્યો હતો.બાળકો ઉત્સાહ પૂર્વક સંગીત,વાદન,અભિનય,ચિત્ર,સાહિત્ય જેવી કળાઓમાં ઉત્સાહ પૂર્વક ભાગ લેતા થયા જોવા મળે છે.

**પરિણામ :** -બાળકોમાં કલા દ્રષ્ટિ વિકસિત થાય છે.
-લલિત અને લલિતેતર કલાના વિવિધ પ્રકારોની સારી રીતે સમજ મેળવી શકે છે .
-વિદ્યાર્થેઓ શાળા કક્ષાએ ચિત્ર,નિબંધ,સંગીત જેવી સ્પર્ધાઓમાં ભાગ લેતા થાય છે.
- વિદ્યાર્થીઓ આભાસમાં આવતી નાટ્ય કૃતિઓની ભજવણી કરી શકે છે .

**ઉપયોગિતા** આ નવતર પ્રયોગના માધ્યમથી વદ્યિાર્થીઓમાં કળા પ્રત્યે રસ જાગે છે. વદ્યિાર્થીઓમાં નૃત્ય અભનિય જેવી કળાનો વકિાસ થાય છે . વદ્યિાર્થીઓને ચત્રિ સંગીત જેવી કળાઓમાં રસ ઉત્પન્ન થાય છે . વદ્યિાર્થીઓએ સહ અભ્યાસક પ્રવૃતઓિમાં ઉત્સાહ પૂર્વક જોડાય છે

**વર્તમાન સ્થિતિ :**

વર્તમાન સમયમાં પણ નવતર પ્રયોગશાળામાં કાર્યરત છે વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓનુંશાળા કક્ષા ,તાલુકા કક્ષા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ યોગદાન એ આ નવતર પ્રયોગની ફળશ્રુતિ છે



**ઈનોવેશનનું નામ :** દશ્ય શ્રાવ્ય મલ્ટીમીડિયા વિડિયો દ્વારા ટેકનોલોજી મારફત શિક્ષણ

**ઈનોવેટરનું નામ :** ગાંધી હેમાંગકુમાર શંકરલાલ **હોદ્દો :** શિ. સહાયક **વિભાગ :** માધ્યમિક

**શાળાનું નામ :** શ્રી સરકારી મા. શાળા લીયા **ક્લસ્ટર/ક્યુડીસી :** વેલાળા (દ્રા)

**મો. નંબર :** ૯૮૯૮૧૨૩૪૨૮ **ઈ-મેઈલ આઈડી :** gandhi1329@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** વર્ષ ૨૦૨૨-૨૩

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** જુન-૨૦૨૪(આગળ પણ ચાલુ રહેશે)

**સમસ્યા ઉદ્‌ભવના કારણો :**

- વિદ્યાથીઓમાં મુદ્રિત માધ્યમોમાં ઓછો રસ
- ઘરેથી વિદ્યાર્થીઓ દ્વારા પુનરાવર્તન ન કરવું
- અંગ્રેજી વ્યાકરણ ખૂબ અઘરું છે તેવી ખોટી માન્યતા
- પાયાનું અંગ્રેજી જ્ઞાન ના હોવું.

**હેતુઓ :**

- વિદ્યાર્થીઓનો દ્રશ્ય શ્રાવ્ય માધ્યમોમાં રહેલો રસ પોસાય.
- Youtube Video દ્વારા વિદ્યાર્થીઓ ઘરેથી આસાનીથી પુનરાવર્તન કરી શકે .
- અંગ્રેજી વ્યાકરણ ખૂબ અઘરું છે તેવી ખોટી માન્યતા દુર થાય
- અંગ્રેજી વ્યાકરણનો પાયો મજબૂત બને.

**કાર્યપદ્ધતિનું વર્ણન :**

- સાધનો : કમ્પ્યુટર , મોબાઈલ , ઓડિયો માઇક ,M.S Office માં^Power point, Spot light, મોબાઇલ સ્ટેન્ડ, youtube, અંગ્રેજી વ્યાકરણ પુસ્તક .
- ઉપર દર્શાવેલ સાધનો દ્વારા અંગ્રેજી વ્યાકરણના વિડીયો બનાવી તેને Youtubeપર Upload કરવા.
- ત્યારબાદ તેની લિન્ક અથવા QR Code મારફત વિદ્યાર્થીઓને WhatsAppગ્રુપ માં^ ફોરવર્ડ કરવા .
- બીજા દિવસે વિદ્યાર્થીઓએ વિડીયો જોઈને પોતાની નોટબુકમાં^ નોંધેલા મુદ્દાની ચકાસણી કરી ખાતરી કરવી કે તેમણે વિડીયો જોયો કે નહીં.
- મૌખિક પ્રશ્નોતરી કરીને તેમણે ધ્યાનથી પુનરાવર્તન કર્યું છેકે નહીં તેની ખાતરી કરવી .

**મૂલ્યાંકન :**

- મૌખિક પ્રશ્નોત્તરી કરતાં માલુમ પડ્યું કે વિડીયો જોયા બાદ વિદ્યાર્થીઓ પ્રશ્નોનાં જવાબ સારી રીતે આપી શકે છે.
- અંગ્રેજી વ્યાકરણનું પાયાનું જ્ઞાન વધેલું જોવા મળ્યું .

**પરિણામ :**

- ધોરણ :૦૯ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓમાંથી ૫ થી ૧૦% વિદ્યાર્થીઓને અંગ્રેજીમાં^ પારંગતતા હતી.
- જે હવે આ પ્રયોગ કર્યા બાદ પછી તેનું પ્રમાણ ૬૦% જેટલું વધેલું જોવા મળ્યું .

**ઉપયોગિતા**

- ધોરણ :૦૬થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓ, કોલેજના વિદ્યાર્થીઓ, તેમજ સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતાં તમામ વિદ્યાર્થીઓ આ વિડિયોની મદદથી અંગ્રેજી વ્યાકરણનું જ્ઞાન મેળવી શકે છે.

**વર્તમાન સ્થિતિ :**

- આશરે ૭૮૨૨ વખત ૮ જેટલા વિડીયો વિદ્યાર્થીઓ દ્વારા જોવામાં આવ્યા .
- અને વિદ્યાર્થીઓએ દ્વારા હજી પણ આ વિષયને લગતા નવા વિડિયોની માંગ થઈ રહી છે.
- હજી વિડીઓને વધુ અધ્યતન બનાવવાની કામગીરી ચાલુ છે.



**ઈનોવેશનનું નામ :** મિશન FLN પાયાનું શિક્ષણ

**ઈનોવેટરનું નામ :** બિનલબેન કે. મકવાણા **હોદ્દો :** મ.શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી કાબરણ પ્રા. શાળા નં. ૧ **ક્લસ્ટર/ક્યુડીસી :** રાજપરા

**મો. નંબર :** ૯૫૩૭૪૪૪૭૫૪ **ઈ-મેઈલ આઈડી :** binalben10makwana@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** સાંપ્રત વિષયો (FLN, NEP....)

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુન ૨૦૨૨

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** કાર્યરત છે

**સમસ્યા ઉદ્‌ભવના કારણો :** •શિક્ષણમાં રુચિ ન પડવાથી વારંવાર ગેરહાજર રહેવું •સતત શિખવવા છતા, બેધ્યાન રહેવું •શીખવેલી બાબતો યાદ ન રહેવાથીભણવામાં નિરસતા દાખવવી. •હોમવર્ક કરવામાં યોગ્ય માર્ગદર્શન ન મળવું. •શીખેલી બાબતો રજુ કરવામાં શરમ સંકોચ અનુભવવા

**હેતુઓ :** •બાળકો કઠીન અધ્યયન નિષ્પતિઓ સરળતાથી સિદ્ધ કરી શકે •બાળકો આનંદ સાથે અને રમતારમતા શિક્ષણ મેળવે. •લાંબા સમયસુધીશિખેલીબાબતોને યાદ રાખે •પાયાનું શિક્ષણ FLN સિદ્ધ કરે જેથી આગળના ધોરણમાં સરળતાથી શિખે. •વર્ગખંડમાં ગેરહાજર બાળકોનું પ્રમાણ ઘટે

**કાર્યપધ્ધતિનું વર્ણન :** નોંધ : ઈનોવેશનદરમિયાનની આપે ઉપયોગમાં લીધેલ પ્રક્રિયા, પ્રવિધિ, સાધન-સામગ્રી... વગેરે બાબતોનો સમાવેશ કરવાનો રહેશે. હાલ શિક્ષણ સુધારણા માટે સરકારશ્રી દ્વારા નિપુણ ભારત કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે. જેમાં FLN પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે. તેથી બાળકોનું પાયાનું શિક્ષણ FLN અતિ આવશ્યક છે. બાળકો પાયાનું શિક્ષણ એટલે કે વાંચન, લેખનઅને ગણન ખુબજ સારી રીતે શિખી શકે તે માટે મે ટી.એલ.એમ. તૈયાર કર્યા છે. જેમાં સંખ્યા લોલીપોપ, સરવાળામશિન, એકમ, દશક, સો, સાતવારના નામ, બાદબાકી રમકડા, પ્રાણી-પક્ષી પોથી, ફળ-શાકભાજી પોથી, એ.બી.સી.ડી. કુલ્ફી, વાક્ય ચક્ર, બારાક્ષરી માટે મેઝીક બુક, આકારોની ઢીંગલી, મુળાક્ષર કાર્ડ, અંક કાર્ડ આકારો, વાંક્યપટ્ટીઓ, સંખ્યા બનાવો, વિવિધ મોહરા, ગુજરાતી માત્રાઓકુલદાની, સરવાળા મશીન, બાદબાકી મશીન વગેરે ટી.એલ.એમ.તૈયાર કર્યા છે. જેના દ્વારા બાળકો પાયાનું શિક્ષણ આનંદ સાથે શિખી શકે અને લાંબા સમય સુધી યાદ પણ રાખી શકે. આ ઇનોવેશન સાથે બેઝ લાઇન એસેસમેન્ટ સર્વેક્ષણ પણ કરવામાં આવ્યું છે. જેના કારણે બાળકોમાં પ્રગતિ પણ માપી શકાય છે.

**મૂલ્યાંકન :** દર મહિને જે મુલ્યાંકન કરવાનું થાય છે. તેમાં બાળકોના વાંચન, લેખન અને ગણનમાંથોડાજ સમયમાં સારી એવી પ્રગતિ જોવા મળી. જે બાળકોને વાંચન, લેખન અને ગણનમાં તકલીફ પડતી હતી તેવા બાળકોના પરિણામમાં આશરે ૬૦ થી ૭૦ ટકા નો સુધારો થયો. પ્રિય બાળકોને પણ શિખવામાં રસ અને રુચિ પડવા લાગી. ખુબજ સારૂ એવું પરિણામ મળ્યું છે. મારૂ આ ઇનોવેશન અન્ય સ્કુલ માટે પણ ઉપયોગી છે. હજુ પણ મારા વર્ગમાં ઇનોવેશન કાર્યરત છે.

**પરિણામ :** નોંધ : નવતર પ્રયોગ કર્યા પૂર્વેની સ્થિતિ અને પછી મળેલ પરિણામ (આંકડાકીય વિગત દર્શાવી )

| ધોરણ | વિદ્યાર્થિનીસંખ્યા | | | મિશનFLN પાયાનું શિક્ષણ ટકાવારી | | |
|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુલ | વાંચન | લેખન | ગણન |
| 1 | 11 | 6 | 17 | 15% | 15% | 20% |
| 2 | 5 | 6 | 11 | 20% | 15% | 20% |
| કુલ | 16 | 12 | 28 | | | |

| | વિદ્યાર્થિની સંખ્યા | | | મિશન FLN પાયાનું શિક્ષણ ટકાવારી | | |
|---|---|---|---|---|---|---|
| ધોરણ | કુમાર | કન્યા | કુલ | વાંચન | લેખન | ગણન |
| 1 | 11 | 6 | 17 | 65% | 75% | 70% |
| 2 | 5 | 6 | 11 | 62% | 80% | 72% |
| કુલ | 16 | 12 | 28 | | | |

**ઉપયોગિતા** આ નવતર પ્રયોગ અંતર્ગત બનાવેલટી.એલ.એમ. ધોરણ – ૨ માટે સરવાળામશિન, બદબાકીરમકડા, વાક્ય ચક્ર, એકમ-દશક, ચડતો-ઉતરતો ક્રમ, લિંગ પરિવર્તન વગેરે ઉપયોગી છે. જ્યારે મુળાક્ષર કાર્ડ,વાંક્યપટ્ટીઓ, સંખ્યા બનાવો, એબીસીડીકુલ્ફી, બારાક્ષરી મેઝીક બુક, પ્રાણી-પક્ષી, ફળ-શાકભાજી, પર્ણ પોથીઓ અને આકારોમાંથી બનાવેલી ઢીંગલી ધોરણ ૧ – ૨ અને બાલવાટીકાના બાળકોને આનંદ સાથે શિક્ષણ આપવા ઉપયોગી બની રહેશે. અન્ય શાળામાં પણ આ નવતર પ્રયોગ અંતર્ગત બનાવેલટી.એલ.એમ. ધોરણ ૧-૨ અને બાલવાટીકામાં બાળકોને ઉપયોગી બની રહેશે.

**વર્તમાન સ્થિતિ :** હાલ આ ઇનોવેશન મારી શાળામાં કાર્યરત છે. બાળકોને પ્રવૃતિ દ્વારા શિક્ષણ મેળવવામાં ખુબજ મજા આવે છે. જેને કારણે ગેરહાજરીનું પ્રમાણ ઘટ્યુ છે. અને ખુબજ સારી સફળતા મળી છે.



**ઈનોવેશનનું નામ :** પોપ્સ દ્વારા વાર્તાકથન/લેખન


**ઈનોવેટરનું નામ :** માઢક મનિષાબેન એન. **હોદ્દો :** મ. શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી નાની મોલડી પ્રા. શાળા **કલસ્ટર/ક્યુડીસી :** રેશમિયા

**મો. નંબર :** ૯૯૨૫૯૯૬૦૪૬ **ઈ-મેઈલ આઈડી :** madhakmanisha3@gmail.com


**નવતર પ્રયોગની કેટેગરી :** સહ અભ્યાસિક પ્રવૃતિ દ્વારા સર્વાંગી વિકાસ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુન ૨૦૨૨ થી

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** ઈનોવેશન કાર્યરત છે

**સમસ્યા ઉદ્ભવના કારણો :**

•બાળકો પોતાની મૌલિકતા ઉભા થઇ ને રજુ કરી શકતા નહોતા •આત્મ વિશ્વાસ નો અભાવ
•આરોહ-અવરોહ સાથે વાર્તા કહી શકતા ન હતા •લેખન કાર્ય મા જોડણી ભૂલ-તળપદા શબ્દો નો ઉપયોગ કરી શકતા નહાતા

**હેતુઓ :** •વાર્તા દ્વારા તર્ક શક્તિ અને સર્જનાત્મકતા ની અભિવ્યક્તિ •વાર્તા દ્વારા કલ્પના શક્તિ અને મૌલિકતા ની અભિવ્યક્તિ
•કથન નિર્માણ દ્વારા કથાન કૌશલ્ય અને લેખન કૌશલ્ય

**કાર્યપદ્ધતિનું વર્ણન :** આ નવતર પ્રયોગ એક વર્ષ થી કરવામાં આવે છે.હાલ મા પણ આ પ્રયોગ ચાલુ છે. આ પ્રયોગ દ્વારા બાળકો મા વાર્તા કથાન/કૌશલ્ય નાં વિકાસ માટે કરવામાં આવ્યો છે. સૌ પ્રથમ પૂંઠા અને પેપર માંથી જુદા જુદા પોપ્સ બનાવવામાં આવ્યા.જેમકે પ્રાણીઓ,વૃક્ષો,વસ્તુ,કુવા વગેરે દ્વારા પોપ્સ સ્ટેજ બનાવવામાં આવ્યું.જેમાં જુદા જુદા પાંચ પોપ્સ રાખવામાં આવે છે અને તેના આધારે બાળકો પોતાની કલ્પનાશકિત નાં આધારે વાર્તા બનાવી અને રજુ કરી શકે છે તેમજ વાર્તા નું લેખન પણ કરી શકે છે. આમ પોપ્સ નાં માધ્યમ થી બાળક ઘટના,સ્થળ,પર્યાવરણ વગેરે દ્વારા વિચારતું થશે અને પોતાની વાર્તા નું નિર્માણ કરશે.

**મૂલ્યાંકન :** સમગ્ર પ્રયોગ નું મૂલ્યાંકન કરતા બાળકો આનંદ થી અને રસ પૂર્વક તથા દ્રઢતા થી પોતાની વાર્તા કહી શકે છે. તેમજ કલ્પના શક્તિ દ્વારા પોતાની વાર્તા બનાવી શકે છે.બાળકો મા મૌલિકતા અને કલ્પના શક્તિ મા પણ વધારો જોવા મળે છે.

**પરિણામ :**
(1)બાળકો મા રસ અને રુચી વિષય પ્રત્યે વધતા જોવા મળ્યા.
(2)ધોરણ ૬ થી ૮ માં આવતી અધ્યયન નિષ્પતિ સિધ્ધ કરવામાં સફળતા મળી.
(3)આના દ્વારા બાળકો ને આનંદમય રીતે શિક્ષણ પ્રાપ્ત થાય છે
(4)પહેલા શાળા નાં ૧૦ વિદ્યાર્થીઓ જ વાર્તા કથન કરી શકતા હતા અત્યારે તેની સંખ્યા વધી ને ૪૦/૪૫ બાળકો મન મૂકી ને બોલી તથા લખી શકે છે.

**ઉપયોગિતા**
(૧)આ પ્રવૃતિ દ્વારા બાળકો મા રસ રૂચી વધવા લાગ્યા.
(૨) બાળકો નાવીન્યપૂર્ણ વિચારોથી પોતાની જાતે વાર્તા બોલી તેમજ લખી શકે.
(૩) પહેલા બોર્ડ માં શબ્દો આપી ને વાર્તા બનાવતા પણ આ T.L.M. નો ઉપયોગ કરી ને વાર્તા બનાવવામાં બાળકો વધારે રુચી દાખવે છે.

**વર્તમાન સ્થિતિ :** હાલ આ ઇનોવેશન મારી શાળામાં કાર્યરત છે. અને વાર્તા કથન અને લેખન માં વિદ્યાર્થીઓ તાલુકા કક્ષા સુધી પહોચી શ્રેષ્ઠ યોગદાન અપાવ્યું છે એ આ પ્રયોગ ની ફલશ્રુતિ છે.

## :: નોંધ ::

| | |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |

| :: નોંધ :: | |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |

9th District Level Educational

Innovation

Festival 2023-24